Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૪૬ · તા. ૦૮ થી ૧૪ નવેમ્બર ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## આદરાંજલિ





**શ્રી ટોકરશી આણંદજી લાલકા**
ગામ : લાલા - વાશી
અરિહંત શરણ : તા. ૨૯.૧૦.૨૦૧૪

ધર્માનુરાગી સાચા સજ્જન,
કર્યા જ્ઞાતિ - અચલગચ્છના કામ,
અરિહંત શરણે ઉચ્ચગતિ પામો...
કદી વિસરાય નહીં સત્કાર્ય કર્તાનું નામ...

**શ્રી હીરાચંદ અરજણ પટેલ**
ગામ : બાંઢીયા - ઐરોલી
અરિહંત શરણ : તા. ૧.૧૧.૧૦૧૪

પરંપરા પ્રિય અને સ્પષ્ટ વકતા...
તમે વટવાળા વિરલ આગેવાન,
પુરુષાર્થથી સમૃધ્ધિ પામ્યા...
ઉચ્ચગતિ અપાવે કાર્યો મહાન!

**પ્રકાશ સમીક્ષા પરિવાર**

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલી



જન્મ :
તા. ૨૩-૨-૧૯૩૮
હુબલી

અરિહન્ત શરણ :
તા. ૯-૧૧-૨૦૧૩
મુલુન્ડ (મુંબઈ)

## સ્વ. શ્રી જયચંદ માણેકજી લોડાયા

કચ્છ-કોઠારા, ગદગ, હાલ મુલુન્ડ (મુંબઈ)

પુણ્ય પ્રકાશે પ્રગટ્યું એક તેજ
સત્કર્મો કરવા એઓ ડગ્યા ન સહેજ
સેવા કીધી સમાજની
પરવા ન કીધી પરિસ્થિતિની-સંજોગની
બોલાતી 'જય' ચંદ લોકોની
પ્રથમ પુણ્યતિથિ એવા શ્રાવકની
જુગ-જુગ જીવે સ્મરણો આપના
પ્રભુ શરણમાં મળે શાતા-સુખ
આપના આશીર્વચનને અર્ચતા
અમ હૃદયની છે આ પ્રભુ પ્રાર્થના.

### ❊ આદરાંજલિ પ્રાર્થી સ્વજનો ❊

ધર્મપત્ની - સ્વ. ગુણવન્તીબેન જયચંદ લોડાયા
પુત્ર-પુત્રવધુ - શ્રીમતી રીના લાજેશભાઈ લોડાયા
પુત્રી-જમાઈ - શ્રીમતી હર્ષા ઉદયન લાલજી લોડાયા (મોટી સિંધોડી)
સાળા-સાળાવેલી - શ્રીમતી લેખાબેન ધનપતિ મોમાયા (બારોઈ-જલગામ)
વેવાઈ-વેવાણ - શ્રીમતી મધુરીબેન હિરાચંદ છેડા (સુથરી-મુલુન્ડ)
- શ્રીમતી રમાબેન લાલજી નરપાર લોડાયા (મોટી સિંધોડી)
પૌત્ર-પૌત્રી - ઈંદર, હેમાંશી
દોહિત્રી - એકતા

તથા સૌ સ્નેહીજનો





























# શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલી

## દ્વારા આપ સૌ જ્ઞાતિજનોને નવા વર્ષની હાર્દિક શુભકામના














# શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલી

## ચૈત્ય પરિપાટી

આબું, દેલવાડા, બામણવાડા, પાવાપુરી, ભેરૂતારક,
જીરાવલ્લા પાર્શ્વનાથ, માનપુર, દંતાણી














# શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોંબિવલી

## ચૈત્યપરિપાટી ૨૦૧૪ ના દર્શન યાત્રા ના મોંઘેરા દાતા પરિવારો

જેઓ તીર્થ યાત્રા કરાવવાનો મોંઘેરો લાભ લઇ ધન્ય બન્યા છે
એ સર્વે પરિવારની ખૂબ ખૂબ અનુમોદના.

### સંઘમાતા

૧) માતૃશ્રી પુષ્પાબેન પાશ્વીર નાગડા - રંગપુર (હસ્તે : શ્રી બિપીનભાઇ નાગડા, મુલુન્ડ)

### સહયોગી દાતા પરિવાર

૧) માતૃશ્રી નવલબેન મણીલાલ દંડ, સેવક ભરૂડીયા
હસ્તે : મહેન્દ્રભાઇ, અશોકભાઇ, રાજેશભાઇ - મુલુન્ડ

૨) માતૃશ્રી ખમાવંતીબેન ચીમનલાલ ખોના (મોટી ખાવડી, ડોંબિવલી)
હસ્તે : શૈલેષભાઇ ચિમનલાલ ખોના (S. M. Couriers)

૩) માતૃશ્રી કસ્તુરબેન મુલજી દંડ - લાખાણીયા
ભૂમીરાજ, વાશી

નોંધ : ચૈત્યપરીપાટી દરમ્યાન જીવદયામાં જમા થયેલ રૂા. ૧૨,૦૦૦/- (રૂા. ૬,૦૦૦/- સ્વસ્તિક ગ્રુપ અને રૂા. ૬,૦૦૦/- એક સદ્ગૃહસ્થ તરફથી) બકરી-ઇદના દિવસે જૈન અલર્ટ ગ્રુપ સાથે મળીને ૬ બકરી છોડાવી હતી.

### સહ સહયોગી દાતા પરિવાર

૧) માતૃશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંજરાજ લોડાયા (વારાપધર)
હસ્તે : ધીરેનભાઇ લોડાયા, વાપી, કલ્પતરૂ ટ્રાન્સપોર્ટ

૨) માતૃશ્રી ચંદ્રિકાબેન મણીલાલ દંડ - માટુંગા, સેવક ભરૂડીયા

૩) ચિ. પ્રતિક હેમંત ધુલ્લા - તેરા, ડોંબિવલી

૪) માતૃશ્રી મણીબાઇ કુંવરજી ખીમજી મોતા - સાંધવ, ડોંબિવલી

૫) એક સદ્ગૃહસ્થ

૬) માતૃશ્રી તારાબેન કુંવરજી ખીમજી દંડ - સેવક ભરૂડિયા, મુલુંડ
હસ્તે : અ. સૌ. કલ્પના મનોજ દંડ, ઉન્નતી સ્તુતિ પલક મનોજ દંડ

૭) માતૃશ્રી વાલબાઇ ચાંપશી નાગડા (તેરા, ડોંબિવલી)
હસ્તે : ભુમિત, તનીષ

૮) શ્રી આણંદજી રતનશી મૈશરી - મોટી સિંધોડી, મુલુંડ

૯) શ્રી નેણશી પદમશી ખોના - સાંધવ, મુલુંડ

૧૦) માતૃશ્રી ઇંદુબેન પાશ્વીર ડાઘા - દલતુંગી

૧૧) માતૃશ્રી પ્રભાવતીબેન મુળજી લોડાયા - સેવક ભરૂડીયા, મુલુંડ

૧૨) માતૃશ્રી હેમલતાબેન શામજી ખોના - સેવક ભરૂડીયા, કાંદિવલી

શુભેચ્છક : માતૃશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર - રાપરગઢવારી
માતૃશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર - વરાડિયા

# શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોંબિવલી

શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોંબિવલી દ્વારા રાજસ્થાનના પ્રાચીન તીર્થો કે જ્યા વર્તમાન ચોવીસીના તીર્થકરો સાક્ષાત વિચર્યા હતા તે પાવન ભૂમિ રાજસ્થાનના તીર્થોના દર્શન-વંદન અર્થે ચૈત્ય પરિપાટીનું આયોજન તા. ૧૮/૯/૨૦૧૪ થી તા. ૨૨/૯/૨૦૧૪ દરમ્યાન કરવામાં આવેલ. જેમાં સર્વેનો ઉષ્માભર્યો પ્રતિસાદ સાંપડયો અને કુલ ૧૧૦ યાત્રિકો જોડાયા.

તા. ૧૯/૯/૨૦૧૪ ના સવારે આબુરોડ ઉતરી ત્યાની પ્રખ્યાત રબડી ખવડાવી યાત્રાની શુભ શરૂઆત બે બસ દ્વારા કરવામાં આવી. પ્રથમ તીર્થ મુંગથલાતીર્થ ના જીવીત મહાવીર સ્વામીના દર્શન કરી શ્રી સ્વસ્તિક ગ્રુપ દ્વારા સંઘપૂજન કરવામાં આવ્યું ત્યારબાદ દંતાણી તીર્થ ના શ્રી સિમંધર સ્વામી ના દર્શન પૂજા કરી બપોરનું જમવાનું પતાવી શ્રી જીરાવલ્લા તીર્થ પહોંચ્યા. શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથના દર્શન કરી વરમાળ તીર્થ પહોંચ્યા શ્રી મહાવીર સ્વામીના દર્શન કરી ભેરૂતારક તરફ રવાના થયા. ભેરૂતારક તીર્થના શ્રી સહસ્ત્ર ફેણા પાર્શ્વનાથ દાદાના દર્શન કરી અવર્ણનીય અનુભવ થયો. ચૌવિહાર કરી દિયાણાતીર્થ તરફ રવાના થયા દિયાણા તીર્થમાં શ્રી મહાવીર સ્વામીના પગ ઉપર ખીર રાંધવાનો ઉત્સર્ગ થયો હતો. તે ભૂમિના દર્શન કરી આરતી, મંગળ દીવો ઉતારી પાવાપુરી પહોંચ્યા. જ્યા રાત્રી રોકાણ કરવાનું હતું. રાત્રે પાવાપુરી પહોંચી ત્યાની લાઇટીંગનો અદ્ભૂત નજારો જોઇ મન પ્રફુલ્લીત થઇ ગયું. પાવાપુરી તીર્થના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાની આંગી તથા દિવડાઓની ઝગમગાટ અને ઘંટારવના વચ્ચે થતી ભાવનાનો લાભ લઇ સવારે સેવા-પૂજા, નવકારશી વાપરી પાવાપુરી પરિસરમાં આવેલ જીવમૈત્રી ધામ (ગૌશાળા), મ્યુઝીયમ, ઉંટ સવારી, ઘોડા સવારી, મોટર સવારી ની મોજ માણી મીરપુર તરફ રવાના થયા.

મીરપુરના શ્રી પાર્શ્વનાથ દાદાના દર્શન વંદન કરી આરાસુરીના અંબાજી માતાજીના દર્શન કરી બામનવાડા તીર્થ પહોંચ્યા. આ તીર્થમાં ભગવાન મહાવીર સ્વામીના કાનમાં ખીલા ઠોકવાનો ઉત્સર્ગ આ ભુમિ પર થયો હતો. આ તીર્થના દર્શન કરી બપોરનું જમવાનું પતાવી લોટાણા તરફ રવાના થયા. લોટાણાના શ્રી આદેશ્વર દાદાના દર્શન આરતી કરી ફરી બામનવાડા તીર્થ પરત ચૌવિહાર કરવા આવ્યા. બામનવાડા તીર્થ ચા-પાણી કરી મિની સમેતશિખરના દર્શનનો લાભ લઇ ચૌવિહાર બાદ શ્રી મહાવીર સ્વામી તથા નવગ્રહ શાંતિ ની પ્રતિમા ની આરતી દીવો કરી. શ્રી સ્વસ્તિક ગ્રુપ દ્વારા યાત્રામાં આવનાર તપસ્વીનું અનુમોદન તેમનું બહુમાન કરી કરવામાં આવ્યું. બાદમાં નાદીયા તીર્થ તરફ રવાના થયા નાદીયા તીર્થમાં ભગવાન શ્રી મહાવીર સ્વામીને ચંડકોશીયો સર્પ ડંખ મારવાનો ઉત્સર્ગ આ ભૂમિ પર થયો હતો. શ્રી મહાવીર સ્વામીના દર્શન-આરતી કરી આબુ દેલવાડા તરફ રવાના થયા. દેલવાડામાં રાત્રી રોકાણ કર્યુ. સવારે આબું પરિસરમાં પગ મુક્તા જ રોમાંચ સાથે આદેશ્વર દાદાને જોતા આંખો સ્તબ્ધ થાય. નિરવ શાંતીનો અનુભવ થાય છે. દેલવાડાની બાંધણી અનુપમ કલા-વૈભવ નિરખી દિલ ઠરી જાય. સેવાપૂજા કરી નવકારસી પતાવી નખી લેક તરફ રવાના થયા. નખીલેખમાં બોટીંગ માર્કેટમાં શોપિંગ, ફોટોગ્રાફી કરી દેલવાડા પરત બપોરનું જમવાનું પતાવી આબુરોડ તરફ રવાના થયા, યાત્રા દરમ્યાન બન્ને બસોમાં સંઘપૂજન, જીવદયા, સાધારણ ફંડ રૂપે સારી એવી રકમ જમા થઇ. જેમાંથી સંઘપૂજનના રૂા. ૧૦૦/- દરેક યાત્રિકોને આપવામાં આવ્યા. સાથે ચૈત્ય પરિપાટીની યાદરૂપે (માતૃશ્રી પ્રભાવતીબેન મુરજી લોડાયા પરિવાર તરફથી) બેગની પ્રભાવના આપવામાં આવી. જીવદયાના રૂપે રૂા. ૬,૦૦૦/- જમા થયા. યાત્રા દરમ્યાન દરેક તિર્થ સ્થાને પૂજા કીટ (થાળ) દાતા પરિવાર દ્વારા ચઢાવવામાં આવેલ. આમ રાજસ્થાનની અનુપમ પ્રકૃતિ સૌંદર્ય વચ્ચે ભક્તિરસ માણ્યો. ચાલશે, ફાવશે, ગમશે ના સૂત્રને સાર્થક કરી ફરી મળશુંની ભાવના સાથે યાત્રા પ્રવાસ આનંદભર તથા અવિસ્મરણીય બની ગયો.

યાત્રા પ્રવાસમાં જોડાનાર સર્વ યાત્રિકોના કે જેમણે સુંદર સાથ-સહકાર આપ્યો તે બદ્દલ આભાર.

ચૈત્યપરીપાટી મા તીર્થ યાત્રા કરાવવાનો મોઘેરો લાભલેનાર સર્વ દાતા પરિવારની ભુરી ભુરી અનુમોદના

યાત્રા પ્રવાસમાં સરળ રૂટ બનાવી આપનાર તથા યોગ્ય માર્ગદર્શન આપનાર શ્રી ભરતભાઇ (દંતાણી તીર્થ) તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષરીતે આ સફરમાં સહકાર આપવા બદલ સર્વનો ખૂબ ખૂબ આભાર, યાત્રા દરમ્યાન કોઇપણ જાતની ભૂલચૂક કે કાંઇ ક્ષતિ રહી ગઇ હોય તો સર્વને હૃદયપૂર્વક 'મિચ્છામી દુક્કડમ્'... ફરી આવોજ સાથ સહકાર મળતો રહેશે એવી મંગળ ભાવના.....

**નોંધ :** ચૈત્યપરીપાટી દરમ્યાન જીવદયામાં જમા થયેલ રૂા. ૧૨,૦૦૦/- (રૂા. ૬,૦૦૦/- સ્વસ્તિક ગ્રુપ અને રૂા. ૬,૦૦૦/- એક સદ્ગૃહસ્થ તરફથી) બકરી-ઇદના દિવસે જૈન અલર્ટ ગ્રુપ સાથે મળીને ૬ બકરી છોડાવી હતી.

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 46/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# અપરિગ્રહી કરોડપતિ કલબ

શિશુ જ્યારે જન્મે છે, ત્યારે શરીરના બધા અંગો જેવા કે હાથ, પગ છાતી, પેટ, માથું એ પાંચે અંગો સપ્રમાણ હોય છે. જેમ જેમ શરીરનો વિકાસ થાય છે, તેમ તેમ બધા અંગો સપ્રમાણ વધે છે, એને સ્વાસ્થય કહેવાય. જો એમાંથી કોઈ એક અંગ વધુ પ્રમાણમાં વધી જાય, વધુ વજનદાર, શક્તિશાળી થઈ જાય તો તે બીમારી કહેવાય.

તેવી જ રીતે ભગવાન મહાવીરે પાંચ મહાવ્રતોની વાત સ્વાનુભવે કહી. એ પાંચ મહાવ્રત અપ્રમાદ, અપરિગ્રહ, અહિંસા, અકામ અને અચૌર્ય. ઉતરે તો જીવનમાં 'ધર્મ' ઉતરવા લાગે છે અને એનું પરિણામ 'પરમ સ્વાસ્થય' એટલે 'બ્રહ્મચર્ય' અને 'સત્ય' જીવનમાં ઉતરે છે. પછી કોઈ બાધાઓ લેવી પડતી નથી, સહજ સ્વાભાવિક આચરણ થાય છે.

'બ્રહ્મચર્ય'નો અર્થ પુરૂષ અને મહિલાના શારીરિક સંબંધ એવો આપણને સમજાવવામાં આવે છે પણ એનાથી ગહન અર્થ છે. 'બ્રહ્મ' એટલે 'ઈશ્વર' અને પ્રતિક રૂપે 'બ્રહ્માના' ચાર ગુણો મૈત્રી, કરૂણા, મુદિતા અને સમતા. આ ચારે ગુણો પાંચ મહાવ્રતોના પાલનથી જીવનમાં સહજ ઉતરેજ છે. પણ અજ્ઞાન વશ આપણે પાંચ મહાવ્રતોમાંથી ફક્ત એક જ અંગને વધુ મહત્ત્વ આપી, એ એક જ 'અહિંસા' ને મજબુત કરતા ગયા અને એ પ્રયાસમાં ચાર મહાવ્રતોને ભુલી ગયા અને એ બીમારી થઈ ગઈ. જેટલો 'પરિગ્રહ' જૈનો પાસે છે તેટલો વિશ્વમાં કોઈ પણ બીજા સંપ્રદાય પાસે નથી અને અપ્રમાદના વ્રતનું પાલન કેમ થાય એ તો આપણે જાણતા જ નથી. જો આ પાંચે મહાવ્રતોનું 'સમ્યક' આચરણ કરવામાં આવે, તો જીવનમાં ક્રાંતિકારક પરિવર્તન આવે અને આપણે સાચા અર્થમાં મહાવીરના અનુયાયી કહેવાઈએ.

હવે વાત આપણા સમાજની. સામાજીક પ્રવૃત્તિઓમાં શેઠ શિરોમણી નરસી નાથાના ફોટાને હારતોરા પહેરાવી, દીપ પ્રગટાવી એમના વચનો દોહરાવવામાં આવે છે. 'જ્ઞાતિએ મારા માટે શું કર્યું? એ ન વિચારતા, મેં જ્ઞાતિ માટે મેં શું કર્યું, એનો વિચાર કરો'

પણ જેમ ભગવાન મહાવીરના પાંચ મહાવ્રતોનું આપણે પાલન કરતા નથીતેમજ નરશી નાથાના સંદેશને પણ આચરણમાં મૂકતા નથી.

આપણી જ્ઞાતિનું હજી ગહન અવલકોન કરીએ. આપણી ૪૦થી ૪૫ વ્યક્તિઓ એવી છે, જે નીચેના કોઠામાં બંધબેસતી થાય છે. એ નીચે મુજબ ૧. એમની ઉંમર ૬૦/૬૫ વટાવી ચૂકી છે ૨. એમની સાંસારિક જવાબદારીઓ પુરી થઈ ગઈ છે. ૩. એમની પાસે બે કે તેથી અધિક કરોડ નગદ અને તે ઉપરાંત અન્ય સંપત્તિ જેવી કે જમીન, ફલેટસ, ઝવેરાત, શેઅર્સ ઈત્યાદિ રોકાણ અલગ છે. ૪. એમનો દર વર્ષે એમનો જીવન જરૂરિઆતના ખર્ચાથી વધુ ચાલુ બીજી આવક પણ છે.

આ કોઠામાં બંધ બેસતી અમુક વ્યક્તિઓ પોતાના પસંદગીના ક્ષેત્રો જેવા કે ધાર્મિક (?), શૈક્ષણિક કે વૈદ્યકીય ક્ષેત્રોમાં થોડું ઘણું યોગદાન

પણ કરે છે પરંતુ આ વૈયક્તિક પ્રયાસ હોવાના કારણે એનો જેટલો લાભ મળવો જોઈએ તે મળતો નથી. આ બધી શક્તિને સંગ્રહિત કરવામાં આવે તો ચમત્કાર સર્જી શકાય.

ઉપર જણાવેલા કોઠામાં બંધ બેસતી વ્યક્તિઓ થોડું અંતર મંથન કરે અને દરેક વ્યક્તિ એક કરોડ જ્ઞાતિને આપવાનો નિર્ણય જાતે જ કરીને ઘોષણા કરે કે તેઓ ૧ કરોડ આપવા તૈયાર છે તો ૪૦/૫૦ કરોડ તો સહેલાઈથી ભેગા થઈ જાય અને આમ કરવાથી આ વ્યક્તિઓને કંઈજ ગુમાવવાનું નથી. એવી રીતે તેઓ મહાવીર સ્વામીના 'અપરિગ્રહ'ના જ વ્રતનું પાલન કરવામાં નાનું પહેલું પગલું ભરવામાં શુભ આરંભ કરશે તે ઉપરાંત નરશી નાથાને સાચી શ્રધ્ધાંજલિ અર્પિત કરશે.

આપણી જ્ઞાતિની વ્યક્તિ જેની માસિક આવક રૂ.૫૦૦૦ થી ૨૫૦૦૦ છે એમને અંડર એમ્લોયમેન્ટ ગણી શકાય, એમના જીવનના સ્તરને ઊંચું લાવવા પ્રયત્ન થઈ શકે.

સત્યમંગલમની વૃક્ષયોજના ('કલ્પવૃક્ષ') નિષ્ફળ નિવડી એમાં મુડી રોકાણ મધ્યમ અને ઓછી આવકવાળાઓએ કરેલું, એમના નાણાં ડૂબી ગયા. સત્ય મંગલમમાં સૌથી સવાસો એકર જમીન આ વૃક્ષોમાં નાણાં રોકનાર વ્યક્તિઓના માલિકીની છે.

જો ૪૦/૪૫ ઉપર જણાવેલા કોઠામાં બંધબેસતી કરોડપતિઓએ અર્પિત કરેલ રકમ ૪૦/૪૫ કરોડમાંથી ૪/૫ કરોડમાં આ જમીન ખરીદી લઈને એ ૪/૫ કરોડ વૃક્ષોમાં નાણા રોકનાર વ્યક્તિઓને આપી દઈને બાકીની બચેલી રકમથી તબ્બકાવાર પ્રવૃત્તિઓ શરૂ કરી શકાય. જેમ કે આ જમીનમાં હોસ્પિટલ, રેસીડેન્સીલ સ્કુલ, રહેવા ફ્લેટસ, ધ્યાન કેન્દ્ર, વૃધ્ધાશ્રમ વગેરે પ્રવૃત્તિઓમાં આપણી જ્ઞાતિની વ્યક્તિઓને રોજગારની વધુ પગાર આવી એમના જીવન સ્તરને વધુ ઊંચું લાવી શકાય. *'I have always tried to turn every disaster into an opportunity' John D.Rockfeller*

સત્યમ મંગલમના શ્રાપને આશીર્વાદમાં બદલી શકાય અને મહાવીરના વ્રતનું પાલન અને શ્રી નરશી નાથાને સાચી શ્રધ્ધાજંલિ આપી શકાય.

**- પ્રવિણ ડાગા, ચેન્નઈ**

## અગત્યની સુચનાઓ

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.


### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 350/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**સુચના :** જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/ વ્હાઈટ છે કે કલર છે, જા. ખ. ની સાઈઝ, જા. ખ. નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

Reg. No. E-641-(DWR) dt. 24-3-90 ☎ : (08372) 236308

# શ્રીમતી મણીબાઈ કાંતીલાલ શાહ ચેરીટિબલ ટ્રસ્ટ, ગદગ

09448138780 - Sha Lalji Manekji
09341319295 - Sha Harish S. Munvar
09940666465 - Sha Tilakchand Lodaya
09381979792 - Sha Praveen Dagha

સંચાલિત - "જીવન-સંધ્યા"

09448186222 - Sha Dineshchand Kuverji
09448165256 - Sha Veerendra Padamshi
09611133124 - Sha Chandrakant Patel
09342730997 - Sha Hirachand Dand

## A-વિંગનાં દાતા

**રૂ. ૧૧,૦૦,૦૦૦/- શેઠશ્રી ભૂપેન્દ્રભાઈ મુલજી દંડ પરિવાર (લાખણીયા)**
**ભૂમિરાજ કન્સટ્રકશન ગ્રુપ, નવી-મુંબઈ**

## નવી વિંગ માં રૂમના દાતાઓ (પ્રથમ માળો)

૧. શ્રીમતી વીજયાલક્ષ્મી દિલિપ નાગડા (જખૌ) ગદગ હ. શ્રી પરેશ દિલિપ નાગડા પરિવાર, હુબલી

૨. શા થોભણ લધા ટ્રસ્ટ (વરાડીયા) મુંબઈ હ. સ્વ. માતુશ્રી માકબાઈ લધાભાઈ મોમાયા, શ્રી થોભણભાઈ, શ્રી શાંતિલાલભાઈ, શ્રી જયંતિલાલભાઈ તથા શ્રી અમૃતભાઈ મોમાયા

૩. શ્રી કુલીનકાંત ગોંવિદજી નાગડા (તેરા) નાંદેડ હ. શ્રીમતી મધુબેન કુલીનકાંત નાગડા પરિવાર

૪. માતુશ્રી હીરાબાઈ નરશી ચત્રભૂજ લોડાયા (વરાડીયા) હ. ચિ. પ્રિયકાન્ત નરશી લોડાયા, મુંબઈ

૫. માતુશ્રી વિજયાબેન વેરશી મોતા (સુથરી), હ. તેમનાં દીકરી શ્રીમતી કલ્પનાબેન હીરાચંદ મૈશેરી (સાંધાણ) વિલેપાર્લે

૬. માતુશ્રી માનબાઈ માલશી કલ્યાણજી મોતા હ. શ્રી પ્રેમચંદભાઈ માલશી મોતા (કુઆપધર) કલકત્તા

૭. શ્રીમતી મિનાક્ષી નરેન્દ્રભાઈ લોડાયા (રાયધણજર) કોઈમ્બતુર, હ. શ્રીમતી લલિતા અક્ષય લોડાયા, શ્રીમતી અલ્પાબેન ગૌતમ ધરમશી, શ્રીમતી અર્ચનાબેન રાજેશ મોતા અને ચી. અક્ષયકુમાર

૮. માતુશ્રી લીલાવંતી ગોવિંદજી નાગડા. હ. સૌ. દમયંતી ભરતભાઈ ગોવિંદજી નાગડા (તેરા) નાંદેડ, હ. શ્રેણીક તથા સીધ્ધાર્થ

૯. દાદાશ્રી શ્રી દામજીભાઈ (ગુલાબભાઈ) નથુભાઈ દંડ (મંજલ રેલડીયા) અંધેરી-મુંબઈ, હ. વિહાન પ્રતીક હિરાચંદ દંડ

૧૦. માતુશ્રી દેશરીબાઈ ટોકરશી કાનજી વીરમ લોડાયા ની (વારાપધર) પુણ્ય સમૃતિમાં હ. તેમનાં પુત્ર શા શીવજી ટોકરશી લોડાયા (વારાપધર) ડોબીવલી

૧૧. માતુશ્રી લક્ષ્મીબેન લાલજી જેતશી મૈશેરી (લાડણ માસ્તર) નલીઆવાલાની પુણ્ય સ્મૃતિમાં હ. તેમની દીકરી અ.સૌ. વીમલાબેન શીવજી ટોકરશી લોડાયા (વારાપધર)

૧૨. શ્રીમતી મનોરમા તથા શ્રી તિલકચંદ કે. લોડાયા, (સાંયરા) ચેન્નઈ , હ. અ.સૌ. મહિમા મોહિત દંડ-હુબલી, અ.સો. સૃષ્ટિ વિશાલ સોની મુંબઈ તથા અ.સૌ. સંસ્કૃતિ સંદિપ શાહ ચેન્નઈ

**હજી સાત રૂમોનાં તેમજ ૪ ઓફિસ રૂમ તથા 'B-વીંગ'નાં દાતાઓનાં નામ નોંધવાના બાકી છે. જરૂરથી લાભ લેવા વિનંતી છે.**

**આભાર.... અનુમોદના.... અભિનંદન....**

**આ ટ્રસ્ટને અપાતું દાન I.T. ACT 1961/U/S 80 G હેઠળ કરમુક્તિને પાત્ર છે**

શ્રીમતી મણીબાઈ કાંતિલાલ શાહ (મૈશેરી) ચેરીટેબલ ટ્રસ્ટ-ગદગ
**HDFC બેંક - SB A/c No. 17621450000018, RTGS/NEFT/IFSC Code HDFC 0001762**
**CANARA - SB A/c No. 0511101019459, Bank IFSC Code CNRB0000511**

મુંબઈ સંપર્ક : શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયા - 098200 39469, શ્રી રાયચંદ હંશરાજ ધરમશી - 098200 84867

## ધર્મ પ્રકાશ : અનુભવ આદતનો નિર્માતા: મહાવીર

મહાવીર કહે છે, જે અનુભવ કરવામાં આવે, એ અનુભવ આદતનો નિર્માતા થઈ જાય છે અને માણસ આ આદત દ્વારા જીવે છે.

તમે ચોવીસ કલાક જે કરો છો, એ કેવળ આદત છે. જરૂરી નથી કે, કરવાને માટે કોઈક અંતઃ પ્રેરણા હોય. યોગ્ય સમયે રોજ ભોજન કરો છો, ત્યારે શરીર કહે છે, ભૂખ લાગી છે. જરૂરી નથી કે ભૂખ લાગી હોય! ઘડિયાળના કાંટાને ફેરવી નાખવામાં આવે, અને આપ એક વાગ્યે રોજ ભોજન લો છો અને આપને ખબર ના હોય કે ઘડિયાળ દગો દઈ રહી છે, ખરેખર અગિયાર જ વાગ્યા હોય અને ઘડિયાળમાં એક વાગી ગયો હોય, તો તમારું પેટ તેમને જાણ કરવાનું શરૂ કરશે કે ભૂખ લાગી ગઈ છે. મનને ખબર પડી કે એક વાગી ગયો છે એટલે તે આદત દોહરાવાનું શરૂ કરી દેશે.

આપ જે વખતે સૂઓ છો, જો એ સમયે ના સૂઈ જાવ તો ઊંઘ અદૃશ્ય થઈ જાય છે. જો ઊંઘ વાસ્તવિક હોય તો આપ રોજ બાર વાગ્યે સૂતા હો, તો રાતે એક વાગ્યે તો ઊંઘ વધારે તીવ્રતાથી આવવી જોઈએ. પરંતુ જો બાર વાગ્યે ના સૂવો, એક વાગી ગયો, તો ઊંઘ આવતી જ નથી.

એ જે બાર વાગ્યાની ઊંઘ હતી, આદતવશ હતી, વાસ્તવિક ઊંઘ નહોતી. જો તેમને એક વાગ્યે ભૂખ લાગે છે અને ત્રણ વાગી જાય, તો તમને નવાઈ લાગશે, કે તમારી ભૂખ મરી જાય છે. ખરેખર તો વધવી જોઈએ. જો વાસ્તવિક ભૂખ હોય તો એક વાગ્યાવાળી ભૂખ ત્રણ વાગ્યે વધારે ગહન બનવી જોઈએ. પરંતુ ત્રણ વાગ્યે તમારી ભૂખ મરી જાય છે, કારણ કે તમારી ભૂખ આદતવશ હતી.

સભ્ય માણસ જેટલો વધુ સભ્ય બને છે, તેટલો વધુ આદતવશ જીવે છે. ના તો અસલી ભૂખ રહે છે, કે ના તો અસલી ઊંઘ રહે છે. ત્યારે માણસનો કામ - અનુભવ પણ આદત બની જાય છે. ત્યારે જરૂરી નથી રહેતું કે ભીતર કોઈ




## તૃતીય પુણ્યતિથીએ શબ્દાંજલી



જન્મ : તા. ૯.૪.૧૯૩૯ (વારાપધર) દેવશરણ : તા. ૧૧.૧૧.૨૦૧૧ (ભાંડુપ)

સ્મરણોને શું કહું ? પાનખર કહું કે વસંત ?
બંને પરિસ્થિતિમાંયે એ તો સાથેને સાથે.
પાનખર બનતી યાદો કુંપણ થઇને મ્હોરતી,
ને વસંત મહી બહાર બની ખીલતી.
પાનખર હોય કે વસંત, પણ જોઈએ છત્રછાયા,
જેના વગર જીવન તડકો; નથી જેમાં કોઈ છાયા.
રળિયામણી, મનોહર, મનમોહક;
એવી વડિલોની માયા.

સ્મરણો બની રહી ગયા **નવીન** સા એ **તારા**
ઝળકે નભબિંદુ બની અંતરિક્ષ મહીંથી અવલોકતા,
આશિવદિની **વર્ષા** બન્યા; સ્મરણોના એ સિતારા
હોય ભલે એ પાનખરના સ્મરણો કે પછી વસંતના !
ભીજંવી રહયા મનઃચક્ષુ એ અમ અંતર તણા.
તેથી જ સ્મરણોને હું શુ કહું ? કહું પાનખર કે વસંત ?
હા ! કહું પાનખર કે વસંત ?

: શોકાતુર :
પુત્રવધુ - પુત્ર : સૌ. વર્ષા જયેશ છેડા, સૌ. દેવિકા વિજય છેડા.
પૌત્ર - પૌત્રી : જય, ચાર્વિ.

અંતઃ પ્રેરણા હોય. પતિ - પત્ની એકબીજા માટે આદત બની જાય છે. અને આદત દોહરાતી રહે છે.

મહાવીર કહે છે, અનુભવ, આદતનું નિર્માણ કરે છે અને માણસ આદતથી જીવે છે, તે હોશથી નથી જીવતો. અગર હોશથી જીવે તો તંત્રની વાત બરાબર હોઈ શકે છે. પરંતુ માણસ આદતથી જીવે છે હોશથી નથી જીવતો. એટલા માટે મહાવીરની વાત પણ અર્થ સભર છે.

મહાવીર કહે છે, એક વાર આદત પડવાની શરૂ થઈ જાય તો પછી એ વધતી જ રહે છે. બીજનો જમીનમાં ન નાખો તો અંકુર નથી નીકળતું. એક વાર નાખી દો તો પછી અંકુર નીકળવાનું શરૂ થઈ જાય છે અને વૃક્ષ બીજ વૃક્ષ બની જાય છે અને વૃક્ષમાંથી એક હજાર કરોડ બીજ નર્મિત થાય છે. જમીનમાં ન નાખો, પડયું જ રહેવા દો, તો તે અંકુરીત થતું નથી, ફણગો ફૂટતો નથી. એક વાર અનુભવમાંથી પસાર થાઓ, બીજ જમીનમાં સ્થાપિત થાય પછી આદતનો અંકુર વધવાનો શરૂ થઈ જાય છે. પછી તે વધતો જ જાય છે. પછી તે મોટોને મોટો થતો જાય છે.

***(ઓશો : મહાવીર વાણીમાંથી સાભાર)***

## સુંદરતા

મારા માટે સુંદરતાનો અર્થ છે તમે જેવા છો એવા બનવું અને તેમાં જ સ્વસ્થ રહેવું. કુરુપતાને પણ સ્વસ્થતાથી અપનાવનારમાં રાહત અને સ્વસ્થતા સાથે સુક્ષ્મ સુંદરતા તેના આંતરિક નિજત્વમાંથી પ્રગટે છે.

***(ઓશોના મંતવ્યનોસાર)***


"જય કચ્છ" ॥ જય ગૌભકત શ્રી શંભુ મહારાજ ॥ "જીયો કચ્છી"

जय श्री महाराणा प्रताप

जय श्री छत्रपति शीवाजी | जय श्री सरदार वल्लभभाई पटेल | जय श्री नेताजी सुभाषचन्द्र बोस | जय श्री लालबहादुर श्रास्त्री

**શ્રી BHALARA DADA ESTATE AGENCY GROUP (Parivar)**

*Labdhi Momaya (Social Worker)*

M. : 098253 51001

Shop No. 4, Plot No. 50, Sai Lilashah Complex, Ward 12/C, Lilashah Nagar, Gandhidham (Kutch) 370201.

E-mail : dadabhalara@yahoo.in Website : www.dadabhalara.in


## જીવસેવા માટે દર્દભરી અપીલ : જખૌ પાંજરાપોળને મદદ કરો

**સકળ સંઘ, સાધુ - સાધ્વી - ગણિવર્ય, જૈનેતરો તેમજ સંઘો, સમસ્ત હિન્દુ અને જૈન ટ્રસ્ટો, દેરાસરજીઓ, સ્થાનકોને મુંગા - અબોલો જીવોને કારમા દુષ્કાળમાં બચાવવા શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા (રજી. ઈ. ૩૦૨ (કચ્છ) માટે ચારા રૂપી, રોકડ - કેશ જે યથા યોગ્ય હોય તે મદદ માટે દર્દ ભરી કરૂણા ભીની અપીલ છે.**

**કંપનીઓ, સાર્વજનિક તેમજ અન્ય સંસ્થાઓને પણ આ દાન યજ્ઞમાં સહાય રૂપ થવા, ભગવાનશ્રી મહાવીર સ્વામીના અભયદાન, અપરીગ્રહ, અહિંસાના ચાહકો - આરાધકો, આપના ગ્રામ - શહેરના, આપની આસ- પાસ રહેતા જખૌ નિવાસી, જખૌ જૈન દેરાસરજીના મેંનેજીંગ ટ્રસ્ટી, શ્રી જખૌ મહાજન શ્રીના પ્રમુખશ્રી દ્વારા આપની સહાયતાનો હાથ જરૂર લંબાવી આ કપરા સંજોગોમાં 'જીવો અને જીવાડો' ના સુવાકયને સાર્થક કરો.**

**ખાસ સર્વે આચાર્ય ભગવંતશ્રીઓ, જૈન દેરાસરજીઓ આ યજ્ઞમાં આપનો યશસ્વી ફાળો જરૂર મોકલો.**

**કરણાભરી અપીલ કર્તા : લબ્ધિકુમાર ભવાનજી મોમાયા.**

**(જાહેર સામાજિક કાર્યકર) ગાંધીધામ મો. 09825351001**

## આરોગ્ય પ્રકાશ: તલનું તેલ ઉંમર વધતી એજિંગ અટકાવે છે

આજે ખીચડામાં તલનું તેલ મેળવીને ખાવાની રીત સદીઓથી ચાલતી આવી છે. તહેવાર સાથેની સામાજિક માન્યતાઓ સાથે સંકળાયેલી આ માન્યતા હેલ્થ માટે ખુબ સારી છે.

શિયાળામાં તલનું તેલ આરોગ્યવર્ધક ગણાય છે અને એ સિવાય એને સ્કિન માટે પણ હેલ્ધી અને મોઈસ્ચરાઈઝિંગ ગણવામાં આવે છે. તલના તેલના પાંચ બ્યુટી બેનિફિટ્સ.

**નેચરલ સ્કિનકેર :** જો સનસ્ક્રીન લગાવવું પસંદ ન હોય અથવા એમાં રહેલા કેમિકલને લીધે એ લગાવવાનું ટાળતા હો તો શરીર પર તલનું તેલ લગાવો. તલનું તેલ ત્વચાને સુર્યના તાપથી કાળી પડતી અટકાવે છે.

**હીલિંગ ટચ :** કંઈ વાગ્યું હોય કે સ્કિનમાં કાપો પડી ગયો હોય ત્યારે એના પર તલનું તેલ લગાવવાથી રાહત મળે છે. તલના તેલમાં એન્ટિ બેક્ટેરિયલ પ્રોપર્ટીઓ રહેલી છે તેમ જ એ બળતરામાં પણ ઠંડક આપે છે. તલનું તેલ સોરાયસિસ અને એક્ઝિમા જેવા ત્વચાના રોગોથી પણ રાહત આપે છે.

**મોઈસ્ચરાઈઝર :** તલના તેલમાં ત્વચા માટે જરૂરી છે એવાં કેટલાંક ફેટી એસિડ રહેલાં છે જે એને એક સારું મોઈસ્ચરાઈઝર બનાવે છે. આ સીઝનમાં ચહેરા પર તેમ જ હાથ અને પગ પર તલનું તેલ લગાવવામાં આવે તો ત્વચા ફાટતી નથી અને સોફ્ટ રહે છે.

કોણીઅને ગોઠણનો ભાગ ડ્રાય થઈ ગયો હોય તો આઠથી દસ ટીપાં જેટલું તલનું તેલ સ્નાન કરવાના પાણીમાં પણ ઉમેરી શકાય.

**યુવાન રાખે :** યંગ દેખાવું હોય તો એનો ઈલાજ છે તલનું તેલ. રેગ્યુલર ડાયટામાં તલના તેલનો ઉમેરો કરવાથી વાતાવરણમાં રહેલાં હાનિકારક કિરણોથી ત્વચાને બચાવી શકાય છે. વિટામિન થી ભરપુર તલનું તેલ ત્વચાને યંગ રાખવામાં મદદરૂપ થાય છે.

**બ્લડ - સર્ક્યુલેશનમાં વધારો :** સ્કિનને અંદરથી મુલાયમ અને ચમકીલી બનાવવા માટે એને હેલ્ધી બનાવવી જરૂરી છે. રોજિંદા ડાયટમાં તલનું તેલ ઉમેરવાથી બ્લડ - સર્ક્યુલેશનમાં વધારો થાય છે અને ત્વચાના ડેમેજ થએલા કોષો રિપેર થાય છે.

### તલની માવાબાટી

**સામગ્રી :** ચાર કપ સફેદ તલ, બે કપ માવો, બે કપ ગોળ, બે ચમચી ઘી, અડધો કપ કાજુના ઝીણા સમારેલા ટુકડા, ૧૦ નંગ એલચી, આઠથી દસ કાજુ સજાવટ માટે.

**રીત :** તલને સાફ કરી લો. હવે એક પેન (પેણી) ગરમ કરીને તલને સુકા જ શેકો. તલ ફુટવાનો અવાજ આવવાનું શરૂ થાય એટલે ગેસ બંધ કરી દો અને તલને કડાઈમાં જ રહેવા દો જેથી થોડા ગોલ્ડન થાય.

ત્યાર બાદ શેકેલા તલમાંથી અડધો કપ જેટલા તલ કાઢીને અલગ રાખો. બાકીના તલને મિક્સરમાં પીસી લો.

એક પેનમાં માવો ગરમ કરો. માવો સોનેરી થાય એટલે પ્લેટમાં કાઢીને અલગ રાખો.

એલચીને ફોલીને એનો ભૂકો કરો. હવે પેનમાં ઘી ગરમ કરીને એમાં ગોળ ઉમેરો. ગોળ ઓગળે એટલે ગેસ બંધ કરો. બાદ એમાં પીસેલા તલ, માવો, કાજુના ટુકડા અને એલચીનો ભુકો ઉમેરીને બરાબર મિક્સ કરો.

હવે હાથ પર થોડું ઘી લગાવી તૈયાર કરેલા મીશ્રણમાંથી મોટા કદની ગોળ અને થોડી ચપટી એવી બાટી બનાવો. હવે આ બાટીને અલગ રાખેલા તલમાં રગદાળી. બધી બાજુથી તલનું કોટિંગ થઈ જાય ત્યારબાદ વચ્ચે કાજુનો એક ટુકડો લગાવો. તલની માવાબાટીને ત્રણથી ચાર કલાક સુધી સેટ થવા દો, ત્યાર બાદ ખાવાના ઉપયોગમાં લો.

*(મીડ-ડે નો વિશેષ લેખ)*


શુભેચ્છાસહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.




## વાહ અળશી વાહ

ડો. માણેક એમ. સંગોઈનો લેખ "અળસી ખાવામાં આળસ હોય?" એ પ્રકાશ સમીક્ષાના ૧૦ ઓક્ટોબર ૨૦૧૪ ના અંકમાં વાંચીને બોલી જવાયું "વાહ અળશી વાહ".

હજારો વર્ષ પહેલાં ઉત્પન થયેલ અળશીના છોડે લોકોના આરોગ્યની સંભાળ લીધી અને એના છોડના રેસામાંથી બનેલ લીલાને કે લીનન કાપડથી લોકોને પહેરવેશ પણ અપાવ્યા. ઘણાં વર્ષ પહેલાં અળશીનું નામ પ્રચલિત ન હોતું. હા, કોઈ જાતનું અનાજ હશે. આજના યુવાનોને એની ઉપયોગીતાની કદાચ ખબર નહીં હોય.

લેખમાં અળશીમાં કટલા બધા વિટામીનના તત્વો છે કયી કયી બિમારીમાં ઉપયોગી છે, અકસીર છે એની છણાવટ કરીને ડો માણેકે સારી સમજ આપી છે. ખાસ કરીને મોટી ઉમરના વડીલો માટે તો ખાસ ગુણકારી છે. બારથી પંદર તકલીફોમાં રાહત આપનારી છે. છતાં કોઈ ગંભીર બિમારીવાળાએ એમના ડોક્ટરની સલાહ લઈને વાપરવી. બાકી મુખવાસ તરીકે દિવસમાં ત્રણ વખત લઈને ઉપરથી થોડું પાણી પીવું લાભદાયક છે. અમે તો ક્યારની શરૂ કરી દીધી છે. મિત્રો તમે શું વિચારો છો?

ડો. વિરચંદ નાગડાના પણ આરોગ્યની તકલીફો અને બિમારી વિશેના સારા લેખો આવે છે. ફી લીધા વગરની સમાજ સેવા ઊત્તમ છે. એ માટે ડો. વિરચંદભાઈ તથા પ્રકાશ - સમીક્ષાના સમિતિ સભ્યોનો આભાર માનું છું.

***- શરદભાઈ ડી. મહેશ્વરી, મલકાપુર - વડોદરા***

## અનંત - શાંતિ ફાઉન્ડેશન

આજથી લગભગ પાંચેક વર્ષ પહેલાં એટલે કે સન ૨૦૦૯માં શ્રી પારોલા તિર્થની સાર્ધ - શતાબ્દી પ. પૂ. છે. શ્રી દેવરત્ન મ.સા.ની. નિશ્રામાં ઉલ્હાસભેર ઉજવાયેલ હતી. ત્યારેજ આપણા દેશના ખુણે - ખુણેથી પધારેલ જ્ઞાતિજન મહેમાનોની બહોળી હાજરીમાં શૈક્ષણિક અને વૈદ્યકીય સહાયતા અર્થે અનંત - શાંતિ ફાઉંન્ડેશનની સ્થાપના બહુજ જોર - શોર અને ગામવાજા સાથે પારોલા મુકામે થયેલ.

આ ફાઉન્ડેશન માટે ફંડ - ફાળાનો ટાર્ગેટ રૂા. ૧ કરોડ જેટલો રાખવામાં આવેલ હતો. તેના માટે જ્ઞાતિનાં શ્રેષ્ઠીવર્યો અને દાનવીરો પાસેથી સ્વયંસ્ફૂતપણે દાનના વચનો લેવામાં આવેલ. જેમાં રૂા. ૧ લાખ પ્રતિવર્ષ પ્રમાણે ત્રણ વર્ષ માટે ૨૭ દાનવીરોનાં નામો નોંધાયા હતા, તો. બાકીના ૯ લાખ માટે પ્રતિદાનવીર પાસેથી રૂા. ૧ લાખ એમ ૯ જણા પાસેથી વચનો લેવામાં આવેલ હતા.

ઉપરોક્ત સંસ્થાનો ઉદ્દેશ આપણી જ્ઞાતિનાં જ્ઞાતિજનોનો કલ્યાણછે, તો પછી આ સંસ્થાનો પ્રગતિનો આલેખ શું થયો એ બાબત આપણાં જ્ઞાતિજનો ઉત્સુક છે. આ સંસ્થાનાં ફંડ - ભંડોળ અર્થે લેવાયલા દાનવીરોના વચનોની પૂર્તી કેટલા પ્રમાણ સુધી થઈ? તે માટે કોઈ વિશેષ પ્રયાસ કરવામાં આવેલ કે? તેમજ આ સંસ્થા ગરજવંત જ્ઞાતિજનોને આર્થિક સહાયતા શુભારંભ કરશે આવા અનેક પ્રશ્નોનો ખુલાસો સંસ્થાનાં પદાધિકારીઓ દ્વારા સ્વયંસ્ફુર્તપણે જ્ઞાતિ સમક્ષ આજ સુધી મુકવાનો પ્રયાસ થયેલ છે એમ જોવામાં આવેલ નથી.

અગર કોઈપણ જ્ઞાતિની સંસ્થા જ્ઞાતિજનોનાં હિતાર્થે જ્ઞાતિજનોના સહયોગથી કાર્ય કરતી હોય તો તે સંસ્થામાં પારદર્શિતા ખુબજ હોવી જોઈએ. સમયે - સમયે જ્ઞાતિ સમાજ પોતાના પ્રગતિનો

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

અચલગચ્છ સંઘ રત્ન મુરબ્બી શ્રી ટોકરશી આણંદજી લાલકા અને વટવાળા આગેવાન શ્રી હીરાચંદ અરજણ પેટલના દેહાંતથી જ્ઞાતિએ દીવા દાંડી સમાન આગેવાનો ગુમાવ્યા છે. શાસનદેવ તેમને ઉચ્ચ ગતિ આપે. *- તન - મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

લેખ અને અહેવાલ સ્વયંસ્ફુતપને પ્રદર્શિત કરવું નિતાંત આવશ્યક છે.

**- મહેશ કાંતિલાલ મોતા જલગામ : ૧-૨૦૧૪**

## જ્ઞાતિજનોની અક્ષમ્ય ઉદાસીનતા

એક કાચા અંદાજ અનુસાર આપણી જ્ઞાતિના ૨ ટકા ૩ ટકા લોકો જે ગંભીર માંદગીમાં પટકાય છે અને જેમને હોસ્પિટલાઈઝેશન કરવું પડે છે, તેવા આ જરૂરતમંદોને રાહત આપવામાં આપણાં નરશી નાથા ટ્રસ્ટનું ભંડોળ પુરેપુરૂં વપરાઈ જાય છે.

સરકારી વીમા યોજનાનો લાભ લઈ મેડીકલેઈમ પોલીસી સમયસર કઢાવી લીધી હોત તો આ કહેવાતા બેદરકાર જૂથ કોઈના પણ આધાર લીધા વિના જાતે, હક્કથી વિમા કંપની પાસેથી મેડીકલ સારવારનો, હોસ્પિટલનો ખર્ચ વસુલ કરી શક્યા હોત.

આપણી અક્ષભ્ય બેદરકારીને કારણે બીજાને આપણે બોજરૂપ બનીએ તે કેમ સાંખી લેવાય?

હાલમાં જીઓ સંસ્થા દ્વારા રૂપિયા ૧૮૦૦/- માં એક વ્યક્તિને વાર્ષિક મેડીકલેઈમ યોજના આવરી લે તેવી સ્કીમ બહાર પડી અને મર્યાદિત સમયમાં તે અંગેની જોઈતી કાર્યવાહી કરવાની હતી.

મેડીકલક્ષેત્રે કાયમી દાતાશ્રી એવા શ્રી રાયચંદ હંશરાજ ધરમશી તેમ જ નરશી નાથા ટ્રસ્ટે સત્વરે એક શ્રી ટાયર યોજના ઘડી કાઢી અને ઈચ્છુક પરિવારે ફક્ત ૧/૩ ભાગ એટલે કે રૂપિયા ૬૦૦/- ભરી આ સંપુર્ણ સ્વાસ્થ વીમા યોજનાનો લાભ મેળવી શકે તેમ હતું. આ યોજનામાં પણ આપણી સુસ્ત પ્રજાએ સહયોગ ના આપ્યો. બધાયને હાથ પકડી જગાડયા છતાંય લાભાર્થી લોકોની સંખ્યા ખૂબ જ ઓછી નીકળી! બાકીના લોકો સૂતેલા જ રહ્યા! આવું ક્યાં સુધી ચલાવી લેશું?

જેમને ટ્રસ્ટમાંથી મેડીકલ સહાય મર્યાદિત ભંડોળને કારણે માર્યદિત રકમ જ મળી છે તેઓ સમાજમાં અને સ્નેહીવર્તુળમાં ટ્રસ્ટો પાસેથી ફક્ત નાની સહાય પુરી પાડવામાં આવી, એવા રોદણાં રડે છે અને સામાજિક સંસ્થાઓની પ્રતિમા ખરાબ કરે છે.

બીજી વાત. નરસી નાથા મેડીકલ ટ્રસ્ટના સેવાભાવી સુત્રધાર શ્રી પારસ પદમશી મૈશેરી અઠવાડિયામાં છ એ દિવસ ટ્રસ્ટની ઓફીસે બે વાગે પહોંચી ઓફીસમાં આવતી ટપાલ જુએ છે, ખાસ કરીને મેડીકલ સહાય અંગેની સર્વે અરજીઓ પર સર્વપ્રથમ ધ્યાન કેન્દ્રીત કરી જરૂરતમંદને સત્વરે સહાયરૂપ બનવા સેવામય પ્રયાસ કરે છે.

તેઓથી અવારનવાર જરૂરતમંદો માટે સૂચનાઓ આપે છે. પણ આપણે કાન ઢાંકી બેઠાં જ રહીએ છીએ, જે યોગ્ય નથી જ.

**- કુલીનકાંત ચાંપશી લુઠિયા, ૨૭-૧૦-૧૪**

## દાતાના દાન અને આગેવાનોને માન!

કચ્છી દશા ઓસાળ જ્ઞાતિમાં બધા કચ્છી સમુદાયોમાં પ્રંશસા પામેલા નામી દાતાઓ અને નામી કાર્યકર્તા - આગેવાન થઈ ગયા છે.

જ્ઞાતિએ એક પરંપરા બનાવી હતી કે આગેવાનો એ દાતાએ આપેલા એક એક પૈસાનો સદ્દુપયેગ કરવો. ભૂલે ચૂકે પણ તે પૈસામાંથી પોતાની પ્રસિધ્ધિ ન કરાવવી. અત્યારે તો દાતાઓના દાન અને આગેવાનોને માન એવી કહેવત જોડવી પડે તેવા આગેવાન મળી આવે છે.

સમાજે દાતાઓના દાનથી પોતે માન મેળવતા આગેવાનો તથા તેમના ઈરાદાઓને સમયસર પારખી લઈ તેમનાથી દૂર રહેવું જોઈએ.

**- લબ્ધિકુમાર મોમાયા - ગાંધીધામ**

## ભલારા દાદાના ભક્તો દ્વારા જુદી જુદી રીતે થતી પાઠની વિધિ

આપણી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ તેમજ બીજા પણ જે દાની થયા હોય તે દરેક જ્ઞાતિમાં પાઠની વિધિઓ શુભ પ્રસંગોએ કરવામાં આવે છે. પ.પૂ. શ્રી ભલારાદાદાના પાઠ માંડવાની વિધિ ઘણી જગ્યાએ, ઘણાં ગામમાં અલગ અલગ રીતે કરવામાં આવે છે.

આ લેખ લખનાર પાસે આશરે ૮૦ વર્ષ પહેલાંનો જ્ઞાતિનો અંક મળેલ, જેમાં લેખક પીરે પાઠ કેમ માંડવું અને એમાં જોઈતી વસ્તુઓ તેમજ પાઠની સચોટ અને સાચી વિધિ બતાવેલ છે. ત્યારબાદ મારા ધ્યાન મુજબ અને અભ્યાસ કરતાં પાઠની વિધિના ઘણાં લેખો પણ વાંચવા મળેલ.

હમણાં છેલ્લાં આઠથી દશ વર્ષમાં અમુક નુખ (ગૌત્ર)વાલાઓએ પોતાના નુખ (ગૌત્ર)માં થતી દરેક શુભ પ્રસંગોમાં વિવિધ જુહાર (નૈવેદ્ય)ની વિધિઓ વિશે તેમજ પૂ. ભલારાદાદાનો પાઠ તથા ઘણીબાવા (રામદેવપીર)ના પાઠ વિશે માહિતીઓ છપાવી પોતાના કુળને તે અર્પણ કરેલ છે, અને એ નુખ (ગૌત્ર)ના ભાઈઓ જે પોતાની કુળદેવીને કે કુળદેવતાને નમતા હોય તે બધાને એ પુસ્તિકાઓ આપે છે. અને થતી દરેક પ્રસંગોની વિધિઓ તેમાં બતાવવામાં આવેલ હોય છે.

પરંતુ દરેક નુખ (ગૌત્ર) ની દરેક સારા પ્રસંગોએ થતી વિધિઓ અલગ અલગ હોય છે. અને જુહાર (નૈવેદ) અલગ અલગ હોય છે. અને પોતાની નુખ(ગૌત્ર) એની રીતે થતાં હોય છે તે બરાબર, પણ પ. પૂ. ભલારાદાદાનો પાઠ હોય કે ઘણીબાવાનો પાઠ હોય તેની વિધિ તથા એમાં જોઈતી સામગ્રી તથા પ્રસાદ તો એક જ રીત મુજબના હોય, એમાં કોઈ પણ જાતનો ફેરફાર પાઠમાં હોતો નથી.

મેં આવા જુદા જુદા નુખ (ગૌત્ર) પાંચ સાત પુસ્તકો જોયા અને વાંચ્યા પછી એનો અભ્યાસ કરતાં દરેક દરેક પુસ્તકમાં અલગ અલગ રીતે પાઠ માંડવાની રીત તથા એમાં જોઈતી સામગ્રી અલગ અલગ સંખ્યામાં બતાવેલ છે. પાઠ શેનો માંડવામાં આવે છે એ પણ ઘણાંને ખબર હોતી નથી. ક્યાંક કોઈ એક બે જગ્યાએ પાઠ માંડવાવાળા પાસેથી જોઈ લીધું હોય અને જ્યારે ક્યાંક પાઠ માંડવાનો હોય અને કોઈ માંડવાવાળું ન હોય તો કહેશે મને પાઠ માંડતા આવડે છે અને ગમે તેમ પાઠ માંડી વિધિ કરી બેસે છે. પાઠમાં કેટલા ખાનાનો પાઠ હોય અને એ કઈ રીતે હોય તે પણ ખબર હોતી નથી. અને એ રીતે પાઠ માંડવાની વિધિ ચાલુ કરી દે છે. આ વસ્તુ ઠીક નથી.

***- ભૂવાશ્રી કીશોરભાઈ જે. સાંયા- ભુજ***

## હોમિયોપેથીક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવારના સથવારે તારીખ ૨૮-૧૧-૨૦૧૪ ને શુક્રવારના બપોર ના ૧૨ વાગ્યાથી ૨.૩૦ દરમ્યાન પરબ શક્તિ સંજીવની સોસાયટીનો ક્લીનીક, શ્રી અનંતનાથ કોમ્પલેક્ષ (જૈન કોમ્પલેક્ષ), ડબ્બા કંપનીનો બાજુમાં, કાંજુરમાર્ગ, ઈસ્ટ માં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક: શ્રીમતી શ્વેતા મિતેશ શાહ મોબાઈલ નં. ૯૬૧૯૨૭૦૪૩૦ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦ ત્યાં આવીને ભરવાના રહેશે રજીસ્ટ્રેશનની છેલ્લાં તારીખ ૨૦.૧૧.૧૪ છે. ત્યાર પછી નામ નહીં લેવામાં આવે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ શનિવાર તા. ૨૯.૧૧.૧૪ ના સવારના ૧૧ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૩૦.૧૧.૧૪ ના સવારના ૯.૦૦ વાગ્યાથી બપોર ના ૨ વાગ્યા સુધી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ, મો. ૯૬૧૯૨૭૦૪૩૦ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.


Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

## જ્ઞાતિજનોને મોકલાયેલ પ્રકાશ સમીક્ષા ના અંક અમોને ટપાલ વિભાગે પરત મોકલ્યા છે તેની યાદી

૧. ખીમજી એ.લોડાયા-અમદાવાદ
૨. ચંદ્રકાંત વી.પોલડીયા-નાગપુર
૩. રતનબાઈ એમ.લોડાયા-ભોપાલ
૪. કિરીટ પી.માલદે-મુલુંડ
૫.જ્યોત્સના પી.મોતા-થાણે
૬. કિશોર જી.નાગડા-ખામગામ
૭. દર્પણ એમ. છેડા-મુલુંડ
૮. ગુંજન ટી.શિયાડ-પુણે
૯. ધર્મેશ બી.શાહ-ઘાટકોપર (પશ્ચિમ)
૧૦. સંજય એલ.મૈશેરી-ડોંબિવલી
૧૧. પ્રતાપ એલ.વિકમશી-વિદ્યાવિહાર
૧૨. હરીશ એચ. ધરમશી-થાણે
૧૩. પ્રફુલ્લચંદ્ર જે. મોમાયા-કોચીન
૧૪. સતીસ કે.દંડ-કોચીન
૧૫. નવીન કે.લોડાયા-કોચીન
૧૬. અવીન પી.ધરમશી-કોચીન
૧૭. હરીશ કે.દંડ-કોચીન
૧૮. નરેન્દ્ર પી.દંડ-કોચીન
૧૯. દમયંતી કે.શિયાડ-ડોંબિવલી
૨૦. મીનાર એલ.મોમાયા-કોઈમ્બતુર
૨૧. કિશોર કે.લોડાયા-ડોંબિવલી
૨૨. દિલીપ એસ.લોડાયા-નાલાસોપારા
૨૩. મધુરીબેન એન. નાગડા - બેંગલોર
૨૪. પ્રવિણ ડી.ખોના - મસ્જિદ
૨૫. અશોક જી.લોડાયા-બુર્હાનપુર
૨૬. ભવની એ. શાહ -કોચીન
૨૭. નિશિત કે.નાગડા- કોઈમ્બતુર
૨૮. શામજી બી.મોમાયા- અહદાવાદ
૨૯. દિનેશ એલ.લોડાયા- ખંડવા
૩૦. પ્રકાશ એસ. શાહ- ઈંદોર
૩૧. મુરજી એન.મૈશેરી–થાણે
૩૨. દિલીપ એસ.લોડાયા-નાલાસોપારા
૩૩. અમૃતલાલ વી.પોલડીયા-જલગામ
૩૪. ભરત એસ. મૈશેરી - નવી મુંબઈ
૩૫. કાંતિલાલ પી.પોલડીયા-કચ્છ
૩૬. રમેશ બી.મૈશેરી-અમદાવાદ
૩૭. ગુંજન ટી.શિયાલ -પુણે
૩૮. પ્રવિણ એસ. લોડાયા-કોચીન
૩૯. મણિલાલ એમ.પોડલિયા-કોચીન
૪૦. રમેશ એન. ધરમશી-કોચીન
૪૧. લલિત આર.મોતા-કોચીન
૪૨. મણિલાલ કે.લોડાયા-અકોલા
૪૩. દિલીપ એલ.ખોના-ડોંબિવલી
૪૪. કુલિનકાંત જે.મોમાયા-ઔરંગાબાદ
૪૫. નરસી કે.ડાઘા - ડોંબિવલી
૪૬. લિકેશ એમ. ખોના-ડોંબિવલી
૪૭. માણેકજી કે. ડાઘા- ડોંબિવલી
૪૮. લક્ષ્મીચંદ જે.મોતા-બેંગલોર
૪૯. રોહિત એમ. લોડાયા-નાસિક રોડ
૫૦. રાજેન્દ્ર ડી.લોડાયા-કારંજા
૫૧. હંસકુમાર ડી.લોડાયા-વડોદરા
૫૨. ગોવિંદજી કે. હેફા-નિમચ
૫૩. મુલજી આર.મૈશેરી-બોરીવલી
૫૪. સુરેશ આર.ધુલ્લા-વસઈ
૫૫. દુષ્યંત કે.મોતા - પુણે
૫૬. રમેશ એચ.લોડાયા-ડોંબિવલી
૫૭. હેમંત જે મોમાયા-થાણે
૫૮. જયાબેન જી.ખોના-માટુંગા
૫૯.ભરત એસ. મૈશેરી-નવી મુંબઈ
૬૦. ભવાનજી એ. શાહ- કોચીન
૬૧. લક્ષ્મીબેન યુ. નાગડા-જોગેશ્વરી
૬૨. જેઠાલાલ બી.દંડ-ડોંબિવલી
૬૩. હિતેશ એસ. શાહ -થાણે
૬૪. ચાંપશી એસ. મોમાયા-વડોદરા
૬૫. હરીશ એચ. ધરમશી-થાણે
૬૬. ભારતી ડી. મૈશેરી-ડોંબિવલી
૬૭. પરેશ કે દંડ-ડોંબિવલી
૬૮. રતન વી. દંડ-બરસી
૬૯. જયશ્રી જે. શાહ - તિરૂપુર
૭૦. ચેતન આર. નાગડા - મુલુંડ
૭૧. ખમાવંતી કે. મુનવર- મુલુંડ
૭૨. ખુશાલ કે. પોલડીયા - વસઈ
૭૩. સુશીલા સી.ખોના- ડોંબિવલી
૭૪. વિજય એલ.નાગડા-ડોંબિવલી
૭૫. જોશના કે. લોડાયા-દાવણગીરી
૭૬. જશમુખ પી.દંડ- વડોદરા


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

## મહિલા સશક્તિકરણ શ્રીમતી નલીની પી શાહ મો. 09228784960

હમણાં હમણાં 'મહિલા સશક્તિકરણ' શબ્દ વ્યાપક રીતે વપરાતો શબ્દ બની ગયો છે. 'યુવા સશક્તિકરણ' અને 'મહિલા સશક્તિકરણ' આજના એકદમ ચલણી શબ્દો બની ગયા છે. હું 'મહિલા સશક્તિકરણ' શબ્દ અને તેથી સાથે સંબંધિત બાબતો અંગે મારી સમજ પ્રમાણે પ્રકાશ પાડવા ચાહીશ.

### વનિતા



### વિશ્વ

સશક્તિકરણ અર્થો, અર્થઘટન અને વ્યાખ્યાઓની વિસ્તૃત શ્રેણીને આવરી લે છે. આ શબ્દ માનસશાસ્ત્ર, તત્ત્વજ્ઞાનથી માંડીને વ્યવસાયિક અને પ્રેરણાત્મક વ્યવહારો માટે બહુ વ્યાપારીકરણ પામેલ સ્વયંસહાય સુધીના ક્ષેત્રોની વિસ્તૃત શ્રેણી સાથે સંબંધિત છે. પણ આ લેખમાં આપણે તેને મહિલાઓના સામાજિક અને નાણાંકીય સશક્તિકરણની મર્યાદામાં રાખશું.

મહિલા સશક્તિકરણ સામાજિક ભેદભાવ અને જાતિ આધારિત ભેદભાવને કારણે નિર્ણય લેવાની પ્રક્રિયામાંથી બાકાત રહી જતા માનવ સમાજના મહિલા હિસ્સા સંબંધિત બાબતો પર ધ્યાન આપે છે. ઘણા પુરૂષો મહિલાઓને માનવજાતનો ગૌણ હિસ્સો માને છે.

આપણે ડીજીટકલ ડીકેડ (આંકડાઓની માયાજાળના દાયકા)માં જીવી રહ્યા છીએ. તમે અંગ્રેજી શબ્દ E ને તેથી આંકડાકીય સ્વરૂપમાં જોશો તો ત્રણ આડી અને બે ઊભી રેખાઓ મળી એકંદરે પાંચ રેખાઓ કે વિભાગો ધરાવે છે તેવી જ રીતે સશક્તિકરણની પ્રક્રિયા પાંચ અનુષાંગિક પ્રક્રિયાઓમાંથી પસાર થઈને જ નારી ગણનાપાત્ર શક્તિ બની જશે તેમજ સમાજ દ્વારા કોઈ રાહત અનામત કે મહેરબાનીને કારણે નહીં પણ તેની પાત્રતાને આધારે આપમેળે તેનું સશક્તિકરણ થશે. હું આ બધાં પાસાંઓ પર હું ટૂંકમાં ધ્યાન આપીશ.

**૧. શિક્ષણ** અહીં આપણે શાળા અને કોલેજમાં અપાતા ઔપચારિક શિક્ષણની વાત કરશું. તે સ્ત્રીઓને બહારના જગતને જાણવાની તક આપે છે અને તેને બીજાઓ સાથે સ્વતંત્રપણે વાતચીત કરવા સક્ષમ બનાવે છે. શિક્ષણનો અભાવ મહિલાઓને કોઈના આધીન રહેવું પડે તે માટેનું મુખ્ય કારણ હતું. અંતરીયાળ ગામડાઓમાં આજે પણ છોકરીઓને માસિક આવે તે પછી તેને ભણવા દેવામાં નથી આવતી. કેટલાક રાજ્યોમાં આજે પણ મોટા પાયે બાળવિવાહ થાય છે. જાણીતી ટીવી સીરિયલ બાલીકા વધુ આ બાબતને પ્રકાશમાં આણે છે. શિક્ષણ સ્ત્રીને કુટુંબ બહારની બાબતો હાથ ધરતી વખતે મોટાભાગના રાબેતા મુજબના (રૂટીન) કામોમાં સ્વાતંત્ર્ય આપે છે. સશક્તિકરણની સૌથી પહેલી અને સૌથી મહત્ત્વની બાબત સ્વાતંત્ર્ય છે. આ સ્વાતંત્ર્યની મનસ્વી રીતે વર્તવા સાથે ભેળસેળ કરી તેને વગોવવી ન જોઈએ, ઔપચારિક શિક્ષણ ઉપરાંત છોકરીને મૂલ્ય સદગુણો અને સંસ્કૃતિ બાબત પણ કેળવવી જોઈએ. આજના મહિલાઓ વિરૂધ્ધના વધતા ગુનાના જમાનામાં જુડો અને કરાટે જેવી યુધ્ધ કળાનું ઔપચારિક શિક્ષણ કે શારીરિક હિંસા સામે રક્ષણ આપતી કોઈ પ્રકારની સ્વરક્ષણની પધ્ધતિની તાલીમ આવશ્યક બની છે.

**શ્રી ખામગામ વાસીઓનું સ્નેહમિલન -સહર્ષ આમંત્રણ**

ખામગામમાં વર્ષોથી જુના વસવાટ કરેલ સહુ બહેનો-ભાઇઓ કે જે હાલ મુંબઇ અને બહારગામ વસવાટ કરે છે એ ક.દ.ઓ. જૈન ખામગામ વાસીઓનું સ્નેહ મિલન તા.૨૩.૧૧.૨૦૧૪ ને રવિવારના સાંજે ૫.૦૦ વાગ્યાથી યોજવાનું નકકી કરેલ છે. જે માટે આપ સહુને સહર્ષ આમંત્રણ પાઠવીએ છીએ. નિઃસંકોચ આપણો પોતાનો કાર્યક્રમ સમજી, અચૂક હાજર રહી કાર્યક્રમ ને દિપાવશો એજ વિનંતી.

**કાર્યક્રમ સ્થળઃ શ્રી કવિ કાલીદાસ કાફેટેરીયા, કેન્ટીન હોલ, પુરૂષોતમ ખેરાજ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૮૦**

શોભાબેન મૈશેરી - 9819808320,
પંકજભાઇ ખોના (કાયાણી) - 9819422557,
નરેન્દ્રભાઇ દંડ- 9004391413, વિનોદ મોતા- 9821755341

અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786

**૨. ભૂમિકાની સમજણ** સ્ત્રી અને પુરૂષ શારીરિક રીતે જુદા છે. દરેકને તેમના જુદા વલણો અને આવશ્યક્તાઓ છે. દરેક પોતાની રીતે પર્યાપ્ત અને પૂરક છે. કોઈએ યોગ્ય રીતે જ કહ્યું છે કે 'સ્ત્રી બત્રીસ દાંતોથી ઘેરાયેલી જીભ જેવી છે'. તેના ભાગે નાની બેદરકારી તેને નુકસાન કે ઈજા પહોંચાડી શકે છે.

તેથી તેને પુરૂષોના આધિપત્યવાળા જગતમાં મહિલા હોવાના ભેદભાવ તથા ગેરફાયદા સમજાવવા જોઈએ. છોકરીઓને પુખ્ત બનાવવા તેણે કુટુંબ અને સમાજમાં ભજવવાની ભૂમિકાઓ વિશે સમજણ આપવી જોઈએ. તેને સમાજમાંના મહિલાઓ પર ત્રાટકવા તત્પર ખતરાઓ અને તેનાથી બચવા લેવાની તકેદારી વિશે અગાઉથી સાવચેત કરવી જોઈએ. તેને આ બાબત સર્તક બનાવવી જોઈએ, ગભરુ નહીં. તેને સુમાહિતગાર રાખવી જોઈએ. આને કદાચ અનૌપચારિક કેળવણી કહી શકાય અને તેને માટે નિશ્ચિત પાઠયપુસ્તક કે અભ્યાસક્રમ ન હોઈ શકે.

**૩. દૃષ્ટાંતરૂપે કેળવણી :** માતાપિતા -વાલી દરેક બાળક માટે ભૂમિકા આદર્શ (રોલ મોડલ) છે અને ઘર કેળવણી આપતી પહેલી શાળા છે. બાળક તેના માતા પિતા-વાલીનું અનુકરણ કરે છે. તેમજ ઘણે અંશે પુખ્ત વ્યક્તિ તરીકે પણ તેના માતા - પિતા -વાલી જે કરતા હતા તે જ કરે છે. એટલે માતા - પિતા - વાલી માટે સારા દૃષ્ટાંત બનવું ખૂબ જ મહત્ત્વનું છે. જો તમે આદર્શ માતા - પિતા - વાલી ન હો તો તમારા બાળકો પાસે આદર્શ સંતાન હોવાની અપેક્ષા ન રાખી શકો. એવું મનાય છે કે માતા બાળકમાં સંસ્કાર રહે છે અને પિતા તેમને વહેવાર શીખવે છે. તેથી આપણે માતા - પિતા - વાલી તરીકે આપણામાં સારી આદતો અને શોભનીય વહેવાર કેળવવા જોઈએ. જેથી આપણા સંતાનો આપણી પાસેથી એ શીખે. હું એવા કુટુંબને જાણું છું જેના વડા તેમની પાંચ વર્ષની પૌત્રીને પણ 'આપ' સંબંધન કરે છે જેથી તે સંબોધનનો પાયાનો શિષ્ટાચાર અને વિનમ્રતા શીખે.

**૪. સક્ષમ કરવી :** છોકરી કે મહિલાને શિક્ષણ આપી તેમજ તેની ભૂમિકાની સમજણ આપી તેને મનગમતી વસ્તુ કરવા દેવા માટે તેને સક્ષમ બનવવાનો સમય પાકી ગયો છે. શ્રીમતી સુધા મૂર્તિ (ઈન્ફોસીસના સ્થાપક શ્રી નારાયણ મૂર્તિના પત્ની) એ જે જમાનામાં એન્જીનિયરીંગ માત્ર પુરૂષોના ઈજારાવાળું ક્ષેત્ર મનાતું હતું ત્યારે એ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનૌ નિર્ણય કરેલો તેમજ તેમના માતા પિતાએ તેમને માત્ર એમ કરવાની મંજૂરી જ ન આપી પણ તેમને પ્રોત્સાહન આપી તેમાં માસ્ટર ડિગ્રી મેળવવા માટે સક્ષમ બનાવ્યા.

સક્ષમ બનાવવામાં આપ- લે તથા યોગ્ય સલાહસૂચન આપવાની એવી પ્રક્રિયાનો સમાવેશ થાય છે, જે વ્યક્તિને વિકસવા તથા વૃધ્ધિ પામવામાં મદદ કરે. માતા- પિતા -વાલીની ભૂમિકા એવું સાનુફળ વાતાવરણ સર્જનારની છે જે બાળકને નાણાકીય, શારીરિક અને ભાવનાત્મક એમ બધા પ્રકારની સહાય કરે જેથી બાળક તેની ઊર્જા પસંદગીના લક્ષ્ય તરફ વાળી શકે કેન્દ્રિત કરી શકે. છોકરી પણ તેણે હાથમાં લીધેલા કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરી શકે તે માટે ઓછામાં ઓછી અડચણો અને બીજી વાત પર ધ્યાનની ઓછામાં ઓછી જરૂરત હોય તેવી સ્થિતિ ઊભી થવી જોઇએ.

સક્ષમ બનાવવાની પ્રક્રિયા એવી પ્રક્રિયા છે જેમાં છોકરીને પણ વિચારવાની અને વિચાર વ્યક્ત કરવાની પૂરેપૂરી આઝાદી હોવી જોઈએ.

છોકરીઓ જેમ જેમ લાંબો સમયગાળો માંગતા ઉચ્ચ શિક્ષણ તથા વ્યવસાયિક અભ્યાસ ક્રમો તરફ વળી રહી છે તેમ મા - બાપ - વાલીએ તેના વિકાસ માટે જ સાનુકૂળતા ઉભીકરી હોય તેના લગ્ન પછી તેના સાસરીયા પણ ચાલુ રાખે તે આવશ્યક છે.

**૫. જાગૃતિ :** જાગૃતિ એટલે માનવ વિચારમાંની ક્રાંતિ કે જ્યને 'માળખાની બહાર વિચારવું' કહેવામાં આવે છે તે બુધ્ધિગજળ અને સ્વતંત્ર વિચારણની પધ્ધતિ છે જે જાણકારી અને તારણો કાઢવા માટેના યોગ્ય તર્કશાસ્ત્ર સાથૈ શરૂ થાય છે. માનવ ચેતનાની અજ્ઞાનતાના અપુખ્ત સ્તરથી વિમુક્તિ અને આજના જ્ઞાનસાભર માનવનું અવતરણ અવિરત પ્રકિયા. અવિરત પાયા છે. કેળવણી, પછી તે દાખલા તરીકે ઔપચારિક હોય કે અનૌપચારિક, જાગૃતિની પ્રક્રિયામાં મુખ્ય ભુમિકા ભજવે છે. વધુ જાણકારીવાળી વ્યક્તિઓ વધુ અનુભવ અને શાણપણવાળી વ્યક્તિઓ સાથેનું આદાન - પ્રદાન નારી જાગૃતિની દિશામાં લઈ જાય છે. એ ત્યારે શકય છે જ્યારે મહિલાઓને ઉચ્ચ શિક્ષણ, સાતત્યપૂર્ણ શિક્ષણ કે ઉચ્ચ બૌધ્ધિક સ્તરની સમૃધ્ધકારી પ્રક્રિયા માટે મોકળાશ આપવામાં આવે. તેને સ્વવિકાસ તેમજ જાણકારી અને કૌશલ્યને સમયાનુરૂપ રાખવા માટે સમય ફાળવવાની તક મળવી જ જોઈએ. આ વાત કુટુંબના અન્ય સભ્યોના પક્ષે થોડી બાંધછોડ, સમજદારી અને સમજૂતી તથા ભોગ આપવાની અપેક્ષા રાખે છે.

## મૃત્યુ પાશ્ચાતની વિધિ : ભાગ ૧- મૃત્યુના પ્રકાર

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી કોઠારા - સુરત મો. 09978903247

પ્રકાશ સમીક્ષાના કોઈ એક અંકમાં ભાઈ શ્રી ચંદ્રસેન મોમાયાનો મૃત્યુ પછીની વિધિઓમાં સાદગી રાખવા સબંધે તંત્રી લેખ હતો. જેને કેન્દ્ર સ્થાને રાખીને આ લેખ લખેલ છે. હિન્દુઓમાં ગર્ભધારણથી લઈને મૃત્યુ અને મૃત્યુ પછી દરેક પ્રસંગે શાસ્ત્રોક્ત વિધિઓ કરવાની વાત છે. જેને સોળ સંસ્કાર કહેવામાં આવે છે. દરેક પ્રસંગની વિધિઓ અને પ્રમાણ અલગ અલગ હોય છે અને મોટા ભાગે દરેક વિધિમાં પંડિત અથવા બ્રાહ્મણની જરૂર પડે અને સારો એવો સમય અને ખર્ચાનો ભોગ લેવાય છે તેથી ન માત્ર મૃત્યુ પશ્ચાતની વિધિ પણ મોટાભાગની દરેક વિધિમાં સાદગી કે સરળતા અપનાવાય તે જરૂરી છે. અંગ્રેજીમાં કહેવાય છે કે There is a sense in simplicity મતલબ કે સાદાઈમાં સમજદારી છે. આ પ્રસ્તાવના સાથે આ લેખના શિર્ષક અનુરૂપ લખાણ રજૂ કર્યું છું.

મનુષ્યનું પૃથ્વી પર આગમન જન્મ છે જ્યારે તેની પૃથ્વી પરથી વિદાય એ મૃત્યુ છે. આ બે ઘટનાઓ વચ્ચેના સમયને આયુષ્ય કે આયખું કહેવાય છે. જન્મના મુખ્ય બે પ્રકાર છે. એક કુદરતી જન્મ જે મનુષ્યના ગર્ભકાળથી જન્મ જેમાં તજ્ઞ ડોક્ટરની મદદથી અને સલાહથી ઓપરેશન દ્વારા બાળકનો જન્મ થાય છે. કેટલાક અલ્પ પણ વિચિત્ર કિસ્સાઓમાં શક્ય હોય તો ચોક્કસ તારીખે અને ચોક્કસ સમયે સિઝેરિયન દ્વારા માતા - પિતા બાળકના જન્મનો આગ્રહ રાખે છે.

મનુષ્યના જીવનને દાર્શનિકો 'સફર' એટલે કે પ્રવાસ કે યાત્રા તરીકે માને છે જેમાં કાળ રૂપી ટ્રેનમાં મનુષ્ય મુસાફર એટલે કે સવાર છે. આ નિશ્ચિત અંતિમ સ્ટેશન નથી. કોઈ અદ્રશ્ય શક્તિ આપણને આ ટ્રેનમાં મુકી દે છે જે આપણો જન્મ છે. આ ટ્રેનમાં અગાઉથી ઘણા મનુષ્યો, પ્રાણી અને વસ્તુઓ પણ હોય છે જ્યારે આપણી યાત્રા પુરી થાય ત્યારે આજ અદ્રશ્ય શક્તિ આપણને ટ્રેનની બહાર મુકી છે અને બધાને મુકીને મનૂષ્ય મૃત્યુના ખોળામાં જતો રહે છે. આ યાત્રાનો સમય એજ આપણું આયુષ્ય.

જન્મના માત્ર બે પ્રકાર છે પણ મૃત્યુના ઘણા પ્રકાર છે જેમ કે બાળમૃત્યુ, અકાળમૃત્યુ, આકસ્મિક મૃત્યુ, ઈચ્છા મૃત્યુ, અપમૃત્યુ વગેરે. આપણી એક સર્વમાન્ય અને સર્વસ્વિકાર્ય માન્યતા છે કે મનૂષ્યનું ૬૦-૭૦ વર્ષ પછી મૃત્યુ એ એક જૈવિક પ્રક્રિયા છે (Biological Process) તેથી આવા કુદરતી મૃત્યુને શરીરની એક અવસ્થા માનીને તેનો પ્રમાણમાં ઓછો શોક પાળવામાં આવે છે. કેટલીકવાર બાળક માતાના ગર્ભમાં કે જન્મના થોડા સમયમાં (જે મિનીટો, કલાક, દિવસ કે મહિના હોઈ શકે) મૃત્યુ પામે છે તો તે બાળમૃત્યુ મનાય છે. જેનો પણ પ્રમાણમાં ઓછો શોક જ પાળવામાં આવે છે. કોઈક વાર મનુષ્ય ૪૦ - ૫૦ વર્ષ બિમારી, અકસ્માત, હોનારત જેવા કારણ સર મૃત્યુ પામે તો અકાળ મૃત્યુ શબ્દ પ્રયોગ થાય છે અને ક્યારેક આકસ્મિક મૃત્યુ શબ્દનો પણ પ્રયોગ થાય છે. ક્યારેક મનુષ્ય સ્વયંભુ પોતાને આર્થિક સંકટ, સામાજીક માનહાની, પ્રેમભંગ કે વિશ્વાસઘાત જેવા કારણોને લઈને પોતાની ઈચ્છાથી કે આવેશમાં આવી જઈને મૃત્યુનો સહારો લે છે જેના માટે આત્મહત્યા, અપમૃત્યુ કે આપઘાત શબ્દનો પ્રયોગ થાય છે. કેટલીક વાર મનૂષ્ય એવી જીવલેણ બિમારીમાં ફસાઈ જાય છે કે તે જીવન નહીં મૃત્યુ માટે પ્રાર્થના કરે છે જેના માટે ઈચ્છા મૃત્યુ શબ્દ વપરાય છે. જેમકે સંજય લીલા ભણશાલીની ફિલ્મ ગુઝારીશમાં રિથિક રોશન ઈચ્છા મૃત્યુ માટે અદાલતમાં અરજી કરે છે. ભારતમાં હાલમાં આવા દુ:ખ રહિત ડોક્ટરની મદદથી મૃત્યુને કાયદેસર કરવા વિચારણા ચાલી રહી છે. ઘણા દેશોમાં આવા મૃત્યુ માટે યુથેનેશીયા શબ્દ પ્રયોગ થાય છે જેનેગુન્હો નથી માનવામાં આવતો.

ભારતમાં જૂના જમાનામાં સતી પ્રથા કે જૈનોમાં સંથારાની પ્રથા પણ ઈચ્છા મૃત્યુના પ્રકાર ગણી શકાય. સતી પ્રથા ભારતમાં ગેરકાયદે છે જ્યારે સંથારા માટે કોઈ ચોક્કસ માર્ગદર્શન નથી. આપણા જૈનોમાં મહારાજ સાહેબ કે સાધ્વીજીના અવસાનને કાળધર્મ પામ્યા શબ્દ પ્રયોગથી તો મુસલમાનો જન્નતનશીન થયા અને ખ્રીસ્તીઓ પણ લેફ્ટ ફોર હેવનલી એબોડ જેવા કે જૈનોમાં અરિહંત શરણ થયા કે સ્વર્ગવાસી થયા જેવા લગભગ સમાન અર્થી શબ્દ પ્રયોગો વપરાય છે.

એટલે મૃત્યુના પ્રકાર પ્રમાણે મૃત્યુ પશ્ચાતની વિધિ પણ અલગ હોય છે. (ક્રમશ:)

શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

## મહારાષ્ટ્ર એકમ વાર્ષિક સમેલન વખતે ચાલીસગામ મહાજનની યજમાનીને સલામ




મહારાષ્ટ્રે એકમનું વાર્ષિક સંમેલન આ વરસે ચાલીસગામ મુકામે રાખવામાં આવ્યું હતું.

ત્રણ દિવસના કાર્યક્રમમાં પ્રથમ દિવસે ચાલીસગામના આસપાસના ગામોની પંચતીર્થી યાત્રા કરાવવામાં આવી. ચાલીસગામ મહાજનને અનુમોદના ખુબજ ભવ્ય યાત્રા.

બુફે સીસ્ટમ નહીં. દર વખતે આરામથી બેસાડીને જમાડવામાં આવ્યા. પીરસદારી કરનાર આપણાજ ભાઈ - બહેન - ઘડી ઘડી પૂછવા આવતા અને પ્રેમથી પરોસતા.

ડો. યોગીનીબેન મૈશેરી દ્વારા "હાર્ટ તથા સ્ત્રીને મુક્તિ કે નહી? ' ઉત્તમ માર્ગદર્શન કરવામાં આવ્યું. સંસ્કાર - સહનશીલતા તથા જીવન જીવવાની કલા ઉપર શ્રી કુંવરલાલજી સંઘવી, જલગામ દ્વારા ઉત્તમ માર્ગદર્શન કરવામાં આવ્યું. 'દુનિયા આપકી મુઠીમેં' સંબોધન કર્તા શ્રી જાકીર હુસૈન વરોરા (ચંદ્રપુર) દ્વારા હંસી - મજાકમાં ઘણું બધું શીખવા મળ્યું. એક મુસલમાન ભાઈ શુધ્ધ - શાકાહારી એ જાણીને આનંદ થયો.

વિવિધ ગામોના જે સાંસ્કૃતિક કાર્યક્રમ હતા, ખુબજ સરાહનીય હતા. 'નવનિર્માણ' પર ધુલિયાના લતાબેન દંડ દ્વારા રાખવામાં આવેલ કાર્યક્રમ પણ જાણવા અને શીખવા જેવો હતો.

સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ અને વિવિધ પ્રતિભાશાલી વ્યક્તિઓને એકછત્ર નીચે મળવાનો આનંદ પણ અનેરો હતો.

બહારગામથી પધારેલ બધાજ સદસ્યો માટે હોટલમાં સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

યુવામંચમાં ફક્ત નાસીકના અને જલગામના યુવાઓ હતા. બાકી નિરસતા છે. અન્ય ગામનાં યુવાઓ ઉત્સાહથી ભાગ નથી લેતા.

ટ્રૅકીંગનો કાર્યક્રમ પણ ખૂબજ સારો હતો. વહેલી સવારે ઉઠીને જ્ઞાતિજનો સાથે ફરવા જવાનું અને ઝરણા જોવાનો આનંદ ખુબ સારો હતો.

અહીંની જગ પ્રસિદ્ધ કેકી માઉસ આર્ટ ગેલરી પણ જોવા જેવી હતી. એક નાના ગામમાં ઘણું બધું જોવા અને શીખવા મળ્યું.

સહુથી સારી વાત એ હતી કે નાના બાળકો માટે ડ્રોઈંગ, પેન્ટીંગ, ઓરીગામી જેવા અનેક કાર્યક્રમ, સ્પર્ધાઓ રાખવામાં આવેલા, જેથી બાળકોનું મનોરંજન થયું અને વડીલો આરામથી કાર્યક્રમની મજા માણી શક્યા.

સ્વાગત વખતે પુરુષોને પછેડી પહેરાવી અને સ્ત્રીઓને બંગડી પહેરાવી, ટીકો લગાડી, થેલી, ડાયરી, પેન, રૂમાલ, કીચેનની ભેટ આપીને સ્વાગત કરવામાં આવ્યું.

કુલ મળાવીને મહારાષ્ટ્રે એકમ દ્વારા આયોજીત આ વાર્ષિક કાર્યક્રમ ખુબ સારો હતો. ચાલીસગામ મહાજન મહિલામંચ અને અન્ય કાર્યકર્તાઓને ઘણી ઘણી અનુમોદના.

**- સૌ. ખમા (પુનમ) મોમાયા - નાગપુર**

## અહમદનગર ના કચ્છી ત્રિશાલા મહિલા મંડળની જીવદયા પ્રવૃત્તિ

'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈજાણેરે' નરસીંહ મહેતા રચિત આ સુવિચાર જેને એકદમ બંધ બેસતું હોય, એવા મંડળનું નામ છે કચ્છી ત્રીશલા મંડળ, ગામ છે અહમદનગર... જ્યાંની પુણ્યમયી નગરીમાં આ બહેનો દ્વારા જૈન ભાઈ - બહેનોને ધર્મના સર્વ શ્રેષ્ઠ માર્ગે વાળવાનો તથા સાથે માણસમાત્રના જ નહીં પણ મુક પશુના નિર્દોષ અવતારરૂપ ગાય માતાને કસાઈખાનાથી છોડાવવાનું અને ઉનાળે લીલુઘાસ પુરૂં પાડવાનું તથા ગાય દત્તક લેવાનું આવા જીવદયા પ્રેરીત ઉત્તમ કાર્યોને આ મંડળ અંજામ આપે છે. નાનામોટા સૌને ધર્મમય કરવા ઉવસગ્ગરમ્, લોગ્ગસ, નવકારમંત્ર પાસુઢીયા મંત્ર, શાંતિનાથ છંદ, પુરિચ્છસુણ અને ભક્તામર સ્તોત્રનું જાપ અલગ અલગ રીતે કરાય છે. આમ ૩૫૧જાપ પરિપુર્ણ થયા અને રૂપિયા ૬૫૦૦૦ની રાશી જીવદયામાં અર્પીત કરેલ છે.

સમાજની યથાશક્તિ સેવા કરવી એ દરેકનું કર્તવ્ય છે આ મંડળની સમાજ સાથે સાથે અમુક લાચાર પશુની જીવદયા માટેની ગતિશીલતા જોઈ ઝુકી તો જવાય ને!

**- લતા યશપાલ ભાટે (લોડાયા), અહમદનગર**

# RANGOLI

*TILAKCHAND LODAYA (Chennai)* **Email :ourbrotherhood@yahoo.co.in Mob.: 099406 36646**

As per the tradition, during Diwali, many home makers draw nice Rangolies in the lobbies of the flats in our apartments. It is an act of self motivation done with the spirit of celebration for the sheer joy of it. Some of them are elegant and attractive. They put in lot of efforts in gathering the needed materials. On one floor the Rangoli drawn was excellent. The precision of the lines, the colour combination and filling of the colours was perfect. Two artists must have spent atleast an hour or so. After taking few snaps they happily went inside their flat.

Seeing so many excellent rangolies, a flat owner got a sudden idea to award prizes to the respective rangoli artists as an incentive and a recognition. A hurried meeting was held in his flat by few flat owners. He must not have imagined how his creative idea will become a hot issue of a debate. Somebody said that "many rangolies are drawn by the maids and how and why their employers can be given a prize." A lady member argued that "the prize should be only to the rangolies using colours and not flower petals and food grains." "The judges should be from outside to avoid any partiality," argued one of the flat owners. Another raised her voice and pleaded that, " if prizes were to be awarded, it should have been announced well in advance." After an hour's discussion, the flat owner who got the idea of giving prizes at his cost, withdrew his proposal in disgust, totally crest fallen. But he realised that giving prizes in social outfits is laudable , but, but they create many unintended permanent misunderstandings unless they are selected in a planned manner.

Though the lobbies are reasonably spacious, one has to walk carefully to avoid any brush with big Rangolies. A maid servant of a neighboring flat, who came out of the lift crossed the Rangoli carefully. In spite of the precaution her toe touched a small portion of the Rangoli and about 1% of the area of the Rangoli got disturbed. As the things would have it, the flat owner lady, who had drawn the Rangoli opened the flat door and saw this happening. And for this riot of colours riot of temper erupted. All sorts of verbal abuses were hurled at in spite of a repeated apology. The maid was in tears. Hearing this scuffle the lady of the flat where the maid servant was working came out. She also scolded the maid. But, at the same time, defended her telling the neighbor that it was unintentional. This resulted in an altercation between both the neighbors. Other lady owners on the same floor came out and pacified the matter. Rang me Bhang ho gaya.

With all the ruckus and bad interpersonal relationships, when the sweeper came next day morning and asked the creator of the rangoli, she readily ordered it to be swept off. Within few seconds the rangoli was a thing of the past. Anger often gives small things a big shadow and contracts by number of times the size of our joy.

Was isn't an incident where a mountain was made out of a mole. On the canvass of joy and festivity of Diwali, colours of anger and bad blood were painted. A Rangoli, whose life was not more than 24 hours, spoiled the long term relations of the neighbors. Most probably the bitter memory of this rangoli will remain etched in the memory of the affected parties. No doubt it is human to get angry or irritated when such things do happen. But could this hyper reaction and tantrums been avoided with a better response. When a needle would have served the purpose why use a sword. Don't we sweat a small stuff and make life miserable.

The artists know the life span of their rangolies. Still they put in their best in drawing them. Harmony of lines, spaces and colours inspire springs of joys in human life. The rangolies motivate human beings to put their best in their short lives and enhance the colours of the rainbows of their lives. Ultimately, the purpose of our life is to create a purpose for it.

## જ્ઞાતિ ભૂષણ સંઘરત્ન ટોકરશી આણંદજી લાલકા ૨૮માં પાનેથી ચાલુ

જિનાલયમાં ચૌદમા તીર્થંકરશ્રી અનંતનાથજી દેરી તથા પદમાવતી દેરી શ્રી ટોકરશી ભાઈએ બંધાવી.

કચ્છમાં બૌતેર જિનાલયમાં પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિની સ્થાપના તેમના હાથે થઈ. બૌતેર જિનાલયના નિર્માણ દાતા તરીકે દાન આપેલ છે.

સને ૧૯૯૧માં શ્રી શેત્રુંજય તીર્થ નવાણું યાત્રા મહાસંઘમાં જ્ઞાતિના બે સંઘપતિઓમાંથી એક શ્રી ટોકરશી આણંદજી લાલકા હતા.

અનંતનાથજી જિનાલયમાં પૂ. ગુણસાગરસુરીશ્વરજી મ.સાની ચરણ પાદુકાની પ્રતિષ્ઠા તેમના શુભ હસ્તે થઈ.

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના ઉપપ્રમુખપદે સને ૧૯૭૮ થી ૧૯૮૪ સુધી સેવાઓ આપી.

શ્રી અનંતનાથજી ટ્રસ્ટની ચૂંટણીઓમાં સને ૧૯૭૯ થી સતત ચૂંટાતા રહ્યા. તેઓ શ્રી ચંદ્રપ્રભુજિનાલય ટ્રસ્ટ લાલા, યશોધન વર્ધમાન બૌતેર જિનાલય ટ્રસ્ટ, આર્ય જયકલ્યાણ ટ્રસ્ટ, શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ, આર્યરક્ષિત જૈન શ્વેતામ્બર તીર્થ દંતાણી, શ્રી શંખેશ્વર લોલાડા કલ્યાણ જૈન શ્વેતાંમ્બર ટ્રસ્ટ, આર્યરક્ષિત ગુણાવિધ પાવાગઢ શ્વેતામ્બર જૈન તીર્થના ટ્રસ્ટી, આદિ બૃહદ સ્તરીય સંસ્થાઓના આગેવાન હતા.

તેમણે ગૂણભારતી પ્રકાશન ચેરીટેબલ ટ્રસ્ટના વ્યવસ્થાપક તરીકે સેવા આપી. અખિલભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના પ્રમુખ હતા.

બોમ્બે કલર એન્ડ કરિયાણા એસોસીએશનના સતત ત્રણ વખત બીન હરિફ પ્રમુખ તરીકે ચૂંટાયા. તેમના તરફથી અમદાવાદના અચલગચ્છ ભુવનમાં તથા ઘાટકોપર મધે આર્ય કલ્યાણ કેન્દ્રમાં જ્ઞાન ભંડાર સ્થાપવામાં આવેલ છે.

શેત્રુંજય તીર્થના દર્શન જે સાધુ સાધ્વીઓ ગિરીરાજ ઉપર જઈ ન શકે તેઓ માટે શ્રી ટોકરશીભાઈ તરફથી - ડોળીની વ્યવસ્થા આણંદજી કલ્યાણજીની પેઢીમાં કરવામાં આવેલ.

પાલીતાણા ખાતે નવટુંકમાં સાધુ સાધ્વીઓ માટે ગરમ પાણીની કાયમી વ્યવસ્થા તથા ભાતા ખાતામાં કાયમી તિથી આપવામાં આવેલ છે.

## મુંબઈ મહાજનના પરંપરાપ્રિય સ્પષ્ટ વકતા પ્રમુખ હીરાચંદ અરજણ પટેલ ૨૮મા પાનેથી ચાલુ

મુળે બાંઢીયાગામના શાસન પ્રભાવિકા ગુરુવર્યા પૂ.સા. જયલક્ષ્મીશ્રીજીની પ્રેરણાથી ધર્મ તરફ આકર્ષણ થયું જેનો રંગ સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી, અનંત ગુણાશ્રીજી સંયમ ગુણાશ્રીજી, જય ધર્માશ્રીજી, મૌનગુણાશ્રીજીની પ્રેરણાની બરાબર ઘુંટાયો.

અનંતનાથજી જિનાલય પુનઃ પ્રતિષ્ઠા વખતે અચલગચ્છાધિપતિ ગુણોદય સાગર સૂરીશ્વરજીના પરિચયમાં આવ્યા અને તેમના કૃપાપાત્ર બની રહ્યા.

તેમની પ્રેરણાથી શેત્રુંજયની ૯૯ યાત્રાના પ્રથમ સંઘપતિ તથા મુંબઈથી પાલીતાણા છરી પાલિત સંઘના સંઘપતિ બન્યા.

### આદરાંજલિ



બાંઢીયા - ઐરોલી

અરિહંત શરણ : ૧.૧૧.૧૪

### હીરાચંદ અરજણ પટેલ

*પુરુષાર્થથી પ્રારબ્ધને ઝુકાવ્યું...*
*સામાન્યોમાં પ્રગટાવ્યો આત્મ વિશ્વાસ!*
*ઉચ્ચગતિ પામો અરિહંત શરણે...*
*તમારી સ્મૃતિ સદાય અમારી પાસ!*

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ**
**જયેશ ભાગચંદ જૈન** (કોઠારા - મુલુંડ)
**ગોવિંદજી લાલજી પટેલ** (સાંધવ- મુલુંડ)
**પ્રવીણ હંસરાજ લોડાયા** (આરીખાણા - મુલુંડ)
**કિરણ લાલજી દંડ** (પરજાઉ - મુલુંડ)
**પદાધિકારીઓ તેમજ કાર્યકર્તાઓ**

## કે.ડી.ઓ. ક્લાસીક દ્વારા કુદરતની કેડીઓએનું આયોજન

કે.ડી.ઓલ ક્લાસીક દ્વારા રવિવાર તા. ૨૩.૧૧.૧૪ના બોમ્બે નેચરલ હીસ્ટ્રી સોસાયટી (બીએનએચએસ) ગોરેગામ ખાતે જંગલી ફૂલો - પતંગીયા - પક્ષીઓ જોવાના કુદરતની કેડીઓ (નેચર ટ્રેઈલ) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થાના નિષ્ણાતો સાથે બીએનએસએસના કન્સરવેશન એજ્યુકેશન સેંટર ખાતે ૮ વાગ્યે ભેગા થઈ ટૂંકા પ્રસ્તાવિક પછી એ સંસ્થા નિષ્ણાતોની સાથે વિવિધ માહિતી મેળવતા કુદરતને ખોળે વિહરવાનું છે.

કે.ડી.ઓ ક્લાસીક ઉપરાંત કેડીઓ સમુદાયના કોઈ પણ આમાં જોડાઈ શકશે. વહેલો તે પહેલોના ધોરણને ૭૫ નામ નોંધવાના છે. વ્યક્તિદીઠ ખર્ચ રૂા. ૨૫૦ નામ સવારના ૧૧ થી બપોરના ૧ સુધી જ્યોતી કિની પાસે 022-66957137 પર નોંધાવવાના છે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા,બોર્ડરો,પાનેતર,બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા 92234 25676



શુભેચ્છાઓ સહ...

**સાંધવ રત્ન**

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**



શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર

(રંગપુર-કોઈમ્બતુર)


## લાલાના ગૌરવ
## કાળ પણ સ્મતિ અમર રાખી
## કરશે આપનું ગૌરવ



### સંઘરત્ન
### શ્રી ટોકરશી આણંદજી લાલકા

લાલા - વાશી

અરિહંત શરણ : તા. ૨૯.૧૦.૨૦૧૪

ક.દ.ઓ. જૈન જ્ઞાતિ, અનંતનાથજી ટ્રસ્ટ અને અચલગચ્છ જૈન સંઘમાં અનેકવિધ સેવા આપી લાલા ગામનું ગૌરવ વધારનારા સુશ્રાવક સંઘરત્ન શ્રી ટોકરશીભાઈની ચિરવિદાયથી લાલા ગામે જાણને તેનો મુકુટ ખોયો છે

શાસન દેવ સદગતને ઉચ્ચ ગતિ અને કુટુંબને આઘાત જીરવવાની શક્તિ આપે એજ અભ્યર્થના.

શ્રી લાલા ચંદ્રપ્રભુજિન દેરાસર અને મહાજન ટ્રસ્ટ.

**પ્રમુખ : કુસુમકાંત ટોકરશી નાગડા**
**ઉપપ્રમુખ : નવીનભાઈ હીરજી દંડ**
**સેક્રેટરી : હીરાચંદ નરશી દંડ**
**ખજાનચી : સૂર્યકાંત હીરજી દંડ**

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલીનું ૩૮મું સ્નેહ મિલન

શ્રી ક.દ.ઓ મંડળ ડોંબીવલીના ૩૮ માં સ્નેહમિલન અને સ્વામી વાત્સલ્યનો વાર્ષિકોત્સવ કાર્યક્રમ તા. ૫.૧૦.૧૪ ના રવિવારે હોરાઈઝન હોલ ખાતે યોજવામાં આવ્યો હતો.

સમારંભ પ્રમુખ (ડો. ઓસવાલ) શ્રી લહેરચંદભાઈ પોલડીયા, અતિથી વિશેષ શ્રી. દિપકભાઈ પોલડીયા, શૈક્ષણિક તથા સાંસ્કૃતિક ઈનામોના દાતાશ્રી બિપીનભાઈ નાગડા, મુંબઈ મહાજનના પ્રમુખશ્રી નયનભેદા, ભૂતપૂર્વ પ્રમુખ, ભૂતપૂર્વ પદાધિકારીઓ, મહાનુભાવો, મહેમાનો, અને ડોંબીવલીના જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત હતા.

પૂ. મુનિશ્રી જયભાનુ શેખર વિજયજી મ.સા.એ માંગલિક સંભળાવી આજકાલના યુવાનો, કન્યાઓને માતાપિતાનું કહેવું માનવું તથા ઈંટરનેટથી દૂર રહેવાની ખાસ શીખામણ આપી. સામૂહિક ક્ષમાપના શ્રી વીરચંદભાઈ લોડાયાએ કરાવી.

સુત્ર સંચાલન માનદમંત્રી શ્રી હરીશ શિયાડ અને શ્રી વિજય સોનીએ કરેલ. મંડળના પ્રમુખ શ્રી રાયચંદ જીવાણીએ સર્વેને આવકાર્યા હતા. આ કાર્યક્રમ પ્રસંગે ૨૦૦૦ જ્ઞાતિજનોએ હાજરી આપી હતી.

મંડળના માનદમંત્રી શ્રી હરિશ શિયાડે મંડળમાં ચાલતી ૩૩ જેટલી વિવિધ યોજનાઓનો સવિસ્તર અહેવાલ રજૂ કર્યો. શ્રી ગુલાબભાઈ ધરમશી દ્વારા પોતાના પાંચ લાખના ફાળા સાથે સ્વયં રોજગાર યોજનાની જાહેરાત કરવામાં આવી. જે લોકો નાનો ધંધો કરવા ઈચ્છતા હોય પણ રૂપિયા ન હોવાને કારણે પાછળ પડતાં હોય, તેઓ આ યોજનાનો લાભ લઈ શકે છે. શ્રી મયુર મોતીભાઈ લોડાયાએ પણ સ્વયંરોજગાર માટે અઢીલાખ રૂપિયા આપવાના જાહેર કર્યા.

શૈક્ષણિક સન્માનના નામોનું સંચાલન કુ. આરૂષિ શિયાડે કર્યું હતું. શૈક્ષણિક ઈનામી દાતાશ્રી બિપીનભાઈ નાગડા અને શૈક્ષણિક ચેરમેન શ્રી સંજય નાગડા હતા. ધોરણ ૧ થી ૧૦ માં પ્રથમ આવેલ તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવેલ. એસ. એસ. સી. અને એચ. એસ. સી. માં પ્રથમ આવેલ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીનું ટ્રોફી, સર્ટીફીકેટ અને રોકડ રકમ આપીને અભિવાદન કરવામાં આવ્યું. સ્નાતક પદવી મેળવેલ વિદ્યાર્થીને પુષ્પગુચ્છ આપી નવાજવામાં આવ્યા.

તપસ્વી બહુમાન દાતા માતુશ્રી ભારતીબેન વિરચંદ પોલડીયા હસ્તે કેતુલભાઈએ (૧૨૫ જેટલાં) ૪૪ ઉપવાસ, ૩૧ ઉપવાસ, સિધ્દિતપ, ૧૬ ભત્તુ, ૧૨, અને ૮ ઉપવાસ કરનાર તપસ્વીનું હાર અને ગીફ્ટ આપીને બહુમાન કર્યું. તેમાંથી બે તપસ્વી ચિરાગ કાંતિલાલ નાગડા અને કરણ રાયચંદ ખોના ને ટી. એમ. ટી. (બબલ ગેમ્સ) ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ અને તનમન ટુર્સ યાત્રા પ્રવાસનો લક્કી ડ્રો લાગ્યો હતો.

ઉપપ્રમુખ શ્રી અજય શિયાડે આભાર વિધિકરી હતી. પ્રીતિભોજન માણ્યા પછી જુસબઢોલીના તાલની સાથે સૌ જ્ઞાતિજનોએ રાસગરબા, કચ્છી રાંધની રમઝટ માણી હતી.

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલીના ૩૮ માં સ્નેહમિલન પ્રસંગે તા. ૪ ઓક્ટોબર ૨૦૧૪ શનિવારના બપોરે હોરાઈઝન હોલ ડોંબિવલી પૂર્વ ખાતે અચલગચ્છની અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાલી માતાજીની ભાવના રાખવામાં આવી હતી.

ભુલ સુધાર : અંક નં. ૪૫ પાના નં. ૧૨ પરના લેખના શિર્ષકમાં તથા ફોટો વિગતમાં શ્રીમતી ચંપાબાઈ જેઠાલાલ ઉમરશી જૈનના નામમાંથી તેમના પતિનું નામ છપાયું નથી તે બદલ દિલગીર છીએ. - સહતંત્રી

આ ભાવનાના સંપૂર્ણ લાભાર્થી દાતાશ્રી માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા પરિવાર (ગામ - સાંયરા હાલે ડોંબિવલી) હતા. દાતાશ્રી પરિવારનું સન્માન કરવામાં આવ્યું.

ભાવના માટે તારક મહેતા ફેમ કલાકાર મનોજ કારાણી પોતાની મંડળ સાથે પધાર્યા હતા. ભાવનામાં અંદાજે ૮૦૦ જેટલાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ ધુલિયા

મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ આયોજિત ત્રિદિવસીય વાર્ષિક સંમેલન દરમ્યાન ચાલીસગાંવ મહાજન આયોજિત પચંતીર્થ યાત્રા પ્રસંગે તાઃ ૧૨.૯.૧૪ ના રોજ ધુલિયા શ્રી શીતલનાથ જૈન દેરાસરમાં શ્રી સંઘ પધારતાં ધુલિયા મહાજન તરફથી સ્વાગત કરવામાં આવેલ.

ચાલીસગામ સંઘના સંઘપતિઓનું શ્રી ક.દ.ઓ. જૈન ધુલિયા મહાજન તરફથી ઉપપ્રમુખ શ્રી જયંતભાઈ દંડએ તથા શ્રી સંઘ તરફથી શ્રી શીતલનાથ સંસ્થાનના ઉપપ્રમુખ શ્રી હરીશભાઈ શાહ તથા ટ્રસ્ટી શ્રી જયેશભાઈ ભાટેએ શાલ, શ્રીફળ અને માળાથી સન્માન કરેલ.

શ્રી ગોવિંદજીભાઈ સોનીએ શ્રી શીતલનાથ દેરાસર અંગે ટૂંકી માહિતી આપેલ ધુલિયા મહાજન, મંડળ તથા મંચ અને અન્યો તરફથી રૂા. ૧૧ નું સંઘપુજન કરવામાં આવેલ.

તા. ૧૩.૯.૧૪ ના રોજ ધુલિયા મહિલા મંચના સભ્યો ઉપપ્રમુખ સૌ. શીતલબેન પરેશ ભાટેના પ્રમુખપણા હેઠળ ચાલીસગામ કાર્યક્રમમાં ગયેલ સભ્ય સૌ. લત્તાબેન જયંત દંડએ ત્યાં નવનિર્માણ પર બચત ગટ અંગે પ્રોજેક્ટર દ્વારા પોતાના મંતવ્યો રજૂ કરેલ. ધુલિયા મંચ તરફથી રાત્રે સાંસ્કુતિક કાર્યક્રમમાં સૌ. પ્રીતિબેન મોમાયા લિખિત કચ્છી નાટક 'ખટપટ સાસુનું પટપટ સામાયિક' રજૂ કરેલ. જેમાં સૌ. શીતલ ભાટે, સૌ. નમ્રતા સોની, સૌ. હર્ષા સોની, સૌ. લતા દંડ, સૌ. ભાવના લોડાયાએ ભાગ લીધેલ. શ્રીમતી હરાવંતીબેન મણીલાલ લોડાયાએ સ્વ લિખિત 'ઢોંગી માયાજી હાટડી' કચ્છી એક પાત્રીય અભિનય રજૂ કરેલ. બને નાટકોને દર્શકો તરફથી પ્રોત્સાહન મળેલ તેમજ શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર તરફથી ઈનામ આપવામાં આવેલ.

તા. ૧૪.૯.૧૪ ના સવારે કેદારકુંડ પાટના દેવી જંગલ સફારી કરવા ગયેલ. યુવામંચ તથા મહારાષ્ટ્ર એકમની જનરલ મીટીંગમાં ભાગ લીધેલ.

મહિલા મંચની શનિવાર તા. ૨૭.૯.૧૪ ના રોજ સભા સભ્ય સૌ. કુંજનબેન તુષાર ભાટેના નિવાસ્થાને પ્રમુખશ્રી સૌ. પ્રીતિબેન કાજલ મોમાયાના પ્રમુખપણા હેઠળ મળેલ. સૌ. કુંજનબેને સહુનું સ્વાગત કરેલ.

સૌ. લતાબેન જયંત દંડ ચાલીસગામ વાર્ષિક સંમેલન દરમ્યાન નવનિર્માણ પર બચત ગટ અંગે આપેલ વક્તવ્ય બદલ સૌ. મધુમતીબેન દિનેશ ભાટેએ તેમનું મરાઠી પધ્ધતિથી ખોળો ભરી સન્માન કરેલ. મહિલા મંચના નાટક ખટપટ સાસુનું પટપટ સામાયિક તથા શ્રીમતી હિરાવંતીબેન મણિલાલ લોડાયાના કચ્છી એકપાત્રીય અભિનય ઢોંગી માયાજી હાટકી અંગે સભ્યો દ્વારા પ્રશંસા કરવામાં આવેલ. નાટકમાં ભાગ લેનાર સભ્યોને ઈનામ આપવામાં આવેલ.

વર્ષ દરમ્યાન હાજરીના ઈનામો આપવામાં આવેલ. જેમાં પ્રથમ સૌ. કુંજનબેન તુષાર ભાટે તથા દ્વિતીય સૌ. મધુમતીબેન દિનેશ ભાટે તથા સૌ. મનિષાબેન વિનોદ ભાટે વિજેતા થયેલ. સૌ કુંજનબેન સાડીઓના વિવિધ પ્રકાર લખવાની રમત રમાડેલ. રમત તથા સરપ્રાઈઝ ગેમમાં વિજેતા થયેલ સૌ. લત્તાબેન જયંત દંડ ને સૌ. કુંજનબેન તરફથી ઈનામ આપવામાં આવેલ.





**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## ગદગ મધ્યે ૫૧ દિવસીય જાપ અભિયાન - અર્હમ દરબાર સમાપન



ગદગમાં સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પરમ પૂજ્ય સાધ્વી શ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની. પાવન નિશ્રામાં રવિવાર તા. ૧૯.૧૦.૧૪ ના ૫૧ દિવસીય જાપ ૐ હ્રીં સર્હ નમઃ નો સમાપન કાર્યક્રમ યોજાયો તેમાં કુલ ૮૪ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. તેમજ કુલ ૧ કરોડ ૭૯ લાખના વિક્રમ સર્જક જાપ થયેલા. આવો જાપનો કાર્યક્રમ ગદગમાં સૌ પ્રથમ વખત યોજાયો હતો. સૌએ હોંશે હોંશે ભાગ લીધો હતો.

કાર્યક્રમનાં મુખ્ય લાભાર્થી શ્રીમતી મધુરીબેન ભવાનજી લોડાયા (વિદ્યાવિહાર) હતા. તેમજ સહ લાભાર્થી શ્રીમતી ઈન્દુમતીબેન વીરચંદ નારાણજી કાનજી (હુબલી) તથા માતુશ્રી ગંગાબાઈ ધનજી પરબત મૈશેરી (ડોમ્બિવલી) હતા.

લાભાર્થીઓનું મહાજનશ્રી તરફથી સન્માન કરવામાં આવ્યું હતું. જાપમાં ભાગ લેનાર સર્વે ભાવિકોને અંદાજે રૂ ૪૦૦ ની વસ્તુઓ પ્રભાવના તરીકે આપવામાં આવી હતી. વધારે જાપ (૯૦૦૦ માળા) તથા શ્રીમતી વિજયાબેન રતિલાલ ભગત (૫૦૦૦ માળા) ને વિશિષ્ટ ઈનામો આપવામાં આવ્યા હતા.

મહાજનશ્રી તરફથી ચઉવિહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

## શ્રી ગુણ ગુલાબ સ્નાત્ર મંડળ નાંદેડ

શ્રી ગુણ ગુલાબ મંડળની સ્થાપના ૧૯૮૯માં દિવાળીના દિવસે શ્રી ચંદ્રપ્રભુ ના દરબારે પ.પૂ. સાધ્વી ભગવંત જ્યોતિપ્રભાશ્રી જી મ.સા. ની નિશ્રામાં કરવામાં આવી.

આ વર્ષે મંડળ ૨૫ વર્ષ પૂરા કરી ૨૬ વર્ષમાં પદાર્પણ કરેલ, તે નિમિત્તે મંડળની બહેનોએ શ્રી સંઘની હાજરીમાં ધમાધુમથી સ્નાત્રપુજા ભણાવેલ. આરતી - મંગળદીવો શાંતિકળશ બાદ મંડળના પદાધિકારીઓનું બહુમાન કરવામાં આવ્યું.

શ્રી શ્રેયાંસ નાથજી તથા મલ્લિનાથજી ભગવાનની પ્રતિમાજીને મંડળ તરફથી હિરાની ટિલડી ટ્રસ્ટીઓને અર્પણ કરવામાં આવી. શ્રી શ્વેતાંમ્બર મુર્તિપુજક સંઘ તરફથી રૂા. ૧૧,૦૦૦ મંડળને ભેટ રૂપે મળેલ. મંડળની બહેનો તરફથી નાની મોટી રક્કમ ભેટ રૂપે મળી.



## કે.ડી.ઓ. ક્લાસિક દ્વારા શરદ પૂર્ણિમાં ઉજવણી



કે.ડી.ઓ. ક્લાસિક દ્વારા શનિવાર તા. ૧૧.૧૦.૧૪ માં મુલુંડના સેરમોનિયલ હોલ ખાતે શરદ પુર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી.

પરંપરાગત વેશભૂષામાં આવેલા ૧૧૦ જેટલા સભ્યોએ ગરબા - દાંડિયા રાસની રમઝટ જમાવી હતી. શ્રેષ્ઠ વેશભૂષા, શ્રેષ્ઠ ખેલૈયા અને શ્રેષ્ઠ જોડીને ઈનામો આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કે.ડી.ઓ ક્લાસિક ઉત્કર્ષ નિધિને તબીબી કાર્યો માટે રૂા. પાંચ લાખનું અનુદાન આપનારા ડો. પ્રમિલાબેન જીવરાજ લોડાયાનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ચાંપશી ડુંગરશી હેફા અને મુકેશ દામજી મૈશેરીએ ખાસ જહેમત લીધી હતી.

## નવા/બદલાયેલા સરનામા – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **સાધના નયન લોડાયા** | કેશવ પાર્ક, હાઉસ નં-૧૯, ધામણગાવ રોડ, નાગપુર, બાય પાસ યવતમાલ -૪૪૫૦૦૧ |
| **શરદ પાનાચંદ દંડ** | વી/૬૮૧, જૈન મંદિર બિલ્ડીંગ, ગુજરાતી રોડ, કોચી -૬૮૨૦૦૨ |
| **રોહિત ઓ.ખોના** | ૫/૪૮૨-સરસ્વથી ભવન, ચક્કમડમ, યુ કો બેન્કની પાછળ, મૌલાના આઝાદ રોડ, કોચીન - ૬૮૨૦૦૨ |
| **રીતેશ મુલચંદ શાહ** | બિલ્ડીંગ નં ઈ-૩, ફ્લેટ નં ૬૦૪, શંખેશ્વર નગર, માનપાડા રોડ, ડોંબિવલી(પૂ) - ૪૨૧૨૦૩ |
| **કિરીટ લાલજી ગાલા** | આય-૩, નવજ્યોત સોસાયટી, સંઘાણી ચિંતામણી દેરાસરની સામે, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (૫) મુંબઈ - ૪૦૦ ૦૮૬ |
| **હિરાચંદ એન. લાપસીયા** | બી-૨-૧૩, ઓમ શાંતિ નગર ૩, દેવીમાં મંદિર, વતવ્ય અમદાવાદ - ૩૮૨૪૪૦ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | |
|---|---|
| **કિશોર મુલજી લાલકા** | 09898538444 |
| **રૂપા (રતન) ગોંવિંદજી નાગડા** | 09881485100 |
| **રોહિત ઓ.ખોના** | 09447037899<br>9495950899 |
| **ગોંવિંદજી હીરજી નાગડા** | 020-26166776<br>08975385861 |
| **શરદ પાનાચંદ દંડ** | 09037177402 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૧૦.૧૪ | બેંગલોર | નીવ/ધ્વની ઋષભ લોડાયા | સાંયરા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪.૧૧.૧૪ | મલકાપુર | ખુશાલ ઉત્તમચંદ દેવશીભાઈ દંડ | વરાડીયા | ૨૬ |
| | નાગપુર | પૂજા જીતેન્દ્ર પદમશી મોતા (પટેલ) | તેરા | ૨૪ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૧૦.૧૪ | ચેમ્બુર | વિશ્વનાથ નારાયણ | પાતાકાડ | ૨૭ |
| | ઘાટકોપર | વેદા વિનોદ કરમશી ધુલ્લા | સુથરી | ૨૪ |
| ૨૮.૧૦.૧૪ | જલગામ | અંકીત દિનેશ જવેરચંદ મોમાયા | બારોઈ | ૨૭ |
| | દહિસર | ધરા ગિરીશ મુલજી ઘુંટલા | ભાયાવધર(રાજકોટ) | ૨૫ |
| ૦૩.૧૦.૧૪ | ભુજ | જય ઈન્દ્રવદન શાહ | મકડા | ૨૧ |
| | માંડવી | મિત્તિલ વિનય પુનશી મૈશેરી | માંડવી | ૨૦ |

### છુટા છેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦.૦૯.૧૪ | ગદગ | આશિષ હિરેન શામજી નાગડા | જખૌ | ૨૯ |
| | મુલુંડ | જીનલ નિતિન માણેકજી મોમાયા | નલિયા | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૧૧.૧૪ | ઐરોલી | હીરાચંદ અરજણ કાનજી પેટલ (લોડાયા) | બાંઢીયા | ૬૯ |
| ૦૬.૧૧.૧૪ | વડાલા | આરતી મુકેશ કુંવરજી ધરમશી | સુથરી | ૬૧ |

## જ્ઞાતિ ભૂષણ સંઘરત્ન ટોકરશી આણંદજી લાલકા



વીસમી સદીના ઉત્તરાર્ધમાં જૈન સંઘના વિવિધ ફિરકાઓમાં અચલગચ્છ સંઘ મોખરાનું સ્થાન ધરાવવા શક્તિમાન બનો તે માટે સતત પ્રયત્નશીલ રહેનાર શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ અગ્રણીઓમાં આદરણીય સ્થાન ધરાવનાર તરીકે શ્રી નારાણજી શામજી મોમાયા પછી બીજું નામ આવે તો જ્ઞાતિભૂષણ સંઘરત્ન શ્રી ટોકરશી આણંદજી લાલકાનું.

માત્ર અગીઆર વયની ઉમરે મુંબઈમાં જ્ઞાતિની પ્રતિષ્ઠિત ગણાતી મે. મુલજી રતનશીની કું. માં. જોડાયા. સને ૧૯૬૫માં પ્રકાશ ટ્રેડીંગ કું. નામે કોપરા, મરી, સૂંઠનો સ્વતંત્ર વ્યાપાર શરૂ કર્યો. શાસનદેવની કૃપાના કારણે જ સફળતા અને સંપત્તિ છે તેમ માનતા હોવાથી ધંધામાં સંપત્તિ મળવાની શરૂઆત થતાં જ ઉદાર દિલે ધાર્મિક અને સામાજિક કાર્યોમાં તેમણે દાનનો પ્રવાહ વહેતો કર્યો.

મુંબઈમાં શ્રી અનંતનાથજી ટ્રસ્ટની ત્રણ ચૂંટણીઓમાં વધુમાં વધુ મત મેળવનાર ટ્રસ્ટી તરીકે સારી નામના પામ્યા.

શ્રી અનંતનાથજી જિનાલયના જીર્ણોદ્ધારમાં ભૂમિપૂજન તથા ખનન વિધી વખતે વધુમાં વધુ બોલી બોલનાર ભાગ્યશાળી તરીકે તેમનું નામ સુવર્ણ અક્ષરે લખાયું.

શ્રી અચલગચ્છ સંઘની વિવિધ સંસ્થાઓમાં તેમનો મહત્વનો ફાળો છે.

પ. પૂ. ગુણસાગરસૂરીશ્વરજીની નિશ્રામાં સને ૧૯૮૪ માં મુંબઈથી સમેતશીખર છ'રી પાળતો સંઘ નીકળ્યો તેમાં તથા સને ૧૯૮૫માં સમેતશીખરથી શેત્રુંજય છ'રી પાળતો સંઘ નીકળ્યો તેમાં શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના એક માત્ર સંઘપતિ હતા.

શ્રી શમેતશીખરજીના કચ્છી ભુવનના

**અનુસંધાન ૨૨માં પાને**

## મુંબઈ મહાજનના પરંપરાપ્રિય સ્પષ્ટ વક્તા પ્રમુખ હીરાચંદ અરજણ પટેલ



મુંબઈ મહાજનના પ્રમુખ તરીકે જ્ઞાતિના સમાજ જીવન પર અમીટ છાપ મુકનારા ગામ બાંઢીયાના હીરાચંદ અરજણ પટેલ પુરુષાર્થથી વ્યક્તિ કેટલું હાંસલ કરી શકે અને ગુરુભગવંતોના આશીર્વાદથી કેવા કેવા કીર્તિમાન સ્થાપિત કરી શકે તેનું જ્વલંત ઉદાહરણ હતા.

મૂળ બાંઢીયાના હીરચંદ પટેલ મુંબઈમાં આવી નોકરી કરતાં ટ્રાન્સપોર્ટના વ્યવસાયની માહિતી મેળવી સ્વતંત્ર વ્યવસાય કરવાનું સાહસ ખેડી સફળતા મેળવી.

પોતે જ્યાં વસતા હતા એ ડોંબીવલીના જ્ઞાતિજનોની મુશ્કેલીઓ દૂર કરવા સમાજસેવાનું ક્ષેત્રે સ્વીકાર્યું.

ડોંબીવલીજનોની મહાજન પાસેની અપેક્ષાઓ પૂર્ણ કરાવવા મહાજનમાં આવ્યા અને પ્રમુખ તરીકે પસંદગી પામ્યા.

પ્રમુખ તરીકે તેમણે જ્ઞાતિજનોને વિસરાયેલી પરંપરાઓની યાદ અપાવવા સાથે મહાજન સંસ્થાને મજબુત કરવા આહવાન કર્યું.

પોતે તે વખતે સાધન સંપન્ન અને જ્ઞાતિ પ્રમુખ હતા તે છતાં દાખલો બેસાડવા અને સમૂહલગ્નની મહત્તા સમજાવવા ૧૬ મા સમૂહલગ્નનો પૂર્ણ ખર્ચ ઉપાડી પોતાના પુત્રના લગ્ન તેમાં કર્યા.

જ્ઞાતિ પ્રમુખ સમસ્ત જ્ઞાતિના વડીલ ગણાય એવી માન્યતાથી પોતાના વખતમાં થયેલ દરેક પ્રાર્થના સભામાં શક્ય હોય ત્યાં સુધી અચુક હાજરી આપતા.

કુદરત તેમના હાથે કંઈક વિરલ કરાવવા ઈચ્છતી હતી એટલે લાંબા સમયથી અટકેલ અનંતનાથ જિનાલયના નવીનીકરણનું કામ તેઓ પ્રમુખ હતા ત્યારે પૂર્ણ થયું અને તેનો પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ તેમના મહાજન - પ્રમુખ પદે ઉજવાયો.

**અનુસંધાન ૨૨માં પાને**

# શ્રધ્ધાંજલિ



ધર્માનુરાગી-શ્રેષ્ઠીવર્ય- સંઘવી - સંઘરત્ન

## શેઠ શ્રી ટોકરશી આણંદજી લાલકા (ગામ : લાલા)

અરિહંત શરણ : તા. ૨૯.૧૦.૨૦૧૪ ઉંમર વર્ષ : ૯૨

આપનું હૈયું હેતનો હિમાલય, સ્નેહ સરિતા સમ વાણી,
દિલ દુભાય જો કોઈનું, તો આંખમાં આવે પાણી,
હૈયે તેવું હોઠે જેવી પારદર્શક – નિખાલસ પ્રકૃતિ,
મનના માયાળુ, હૈયાના હેતાળ અને હ્રદયના ઋજુ.

**સહુ પર સ્નેહ વરસાવતા આપ્તજનની વસમી વિદાયથી શોક મગ્ન પરિવારની એકજ પ્રાર્થના કે**

**પરમાત્મા એ આત્માને આપજો પરમ શાંતિ**

**શ્રધ્ધાંજલિ સુમન અર્પણ કરનાર.**

| | | | |
|---|---|---|---|
| ધર્મ પત્ની | : | • લક્ષ્મીબાઈ ટોકરશી લાલકા | |
| પુત્ર- પુત્ર વધુ | : | • નયના નરેન્દ્ર લાલકા | • બીના પ્રકાશ લાલકા |
| પૌત્ર - પૌત્રવધુ | : | • સેજલ રોનક લાલકા | • વિનિત પ્રકાશ લાલકા |
| પુત્રી - જમાઈ | : | • તરલા હરીશ મોમાયા | • ચેતના હરીશ મોમાયા-પૂના |
| | | • અનીલા મુકેશ લોડાયા | • હેમંતી પરેશ વિકમશી |
| | | • લીલમ કેતન લોડાયા | |
| પૌત્રી - જમાઈ | : | • યાશિકા પ્રદીપ દંડ | • મોલીના મનીષ લોડાયા |
| | | • ફિયોના સિધ્ધાર્થ નાગડા | |
| પર પૌત્રી | : | • ફેરીકા | |
| દોહીત્રી | : | • જીનાલી • મલીકા • નીમીતા • જીનીશા • નેહા • ક્રીના | |
| પર દોહીત્રા | : | • જોયા • વૃધ્ધિ | |
| દોહીત્ર | : | • નીમેશ • ફેનીલ, | |
| પર દોહીત્ર | : | • મીત • આયુષ | |

**ફર્મ : પ્રકાશ ટ્રેડિંગ કુ. - વાશી નવી મુંબઈ : 9819799062 ઘર : 27656538**

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈના પૂર્વ પ્રમુખ

ધર્માનુરાગી - શ્રેષ્ઠીવર્ય - સંઘવી - સંઘરત્ન



કચ્છ
બાંઢીયા

નવી મુંબઈ
ઐરોલી

# શેઠશ્રી હિરાચંદ અરજણ પટેલ (લોડાયા)

અરિહંતશરણ : તા. ૧.૧૧.૨૦૧૪

કુટુંબ-સમાજ-જ્ઞાતિ પ્રત્યે અપાર વાત્સલ્યતા, પરિણામલક્ષી જીવન, સૌ પ્રત્યે સમ્યક દૃષ્ટિકોણ, નિડર, સ્પષ્ટ વક્તા, પારદર્શકતાના આગ્રહ સાથે જૈન શાસન-સમાજના કાર્યોમાં તન-મન-ધનથી સમર્પિત રહીને, સમાજને મૂલ્યવાન સેવાઓ પ્રદાન કરનાર, અમારા વડિલતુલ્ય આદરણીય મુરબ્બી શ્રી હિરાચંદભાઈ પટેલના દુઃખદ નિધનથી સમાજને નિષ્ઠાવાન કાર્યકરની ઓછપ વર્તાય છે. 'શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ'ના પૂર્વ પ્રમુખશ્રીની ખોટ જ્ઞાતિ-સમાજ માટે સદાય વણપૂરાયેલી રહેશે. ધાર્મિક, સામાજીક, જીવદયા ક્ષેત્રે બહુમૂલ્ય યોગદાન ધરાવતું આપનું જીવન સદાય અમર રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પો એજ પ્રાર્થના સહ નત મસ્તકે ભાવભીની શ્રધ્ધાંજલી.

શોકમગ્ન સ્નેહીજનો

**પ્રવિણ હંસરાજ લોડાયા (આરીખાણા)**

**ગોવિંદજી લાલજી પટેલ (સાંધવ) • વિપુલ ઠાકરશી પટેલ (સાંધવ)**

**ચેતન નલીન પીર (સુથરી)**

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈના પૂર્વ પ્રમુખ

## ધર્માનુરાગી કુટુંબ શીરોમણીને નતમસ્તકે વંદના



કચ્છ
બાંઢીયા

નવી મુંબઈ
ઐરોલી

# શેઠશ્રી હિરાચંદ અરજણ પટેલ (લોડાયા) • ઉ.વ. ૬૯

**અરિહંતશરણ : તા. ૧.૧૧.૨૦૧૪**

જીવન કારકીર્દીના રાહબર અને પ્રેરણાના પથદર્શક, ધર્મનો મર્મ સમજાવનારા ધર્મદર્શક, સત્ય નિતીમત્તાના માર્ગે ચાલવાની શીખ આપનારા, જીવમાત્ર પ્રત્યે પ્રેમ દર્શાવનારા કરૂણાહૃદયી, અમારા કુટુંબમાં શ્રેષ્ઠ આદરણીય વડીલનું માન ધરાવનારા, જ્ઞાતિ-શાસન-સમાજનાં ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ, આપની વિદાયથી ગુમાવી છે છાયા અને પ્રેરણાની પરબ. આપનાં દ્વારા કંડારેલા ઉચ્ચત્તમ જીવનમુલ્યો - આદર્શોની કેડીએ સદાય ગતિશીલ રહીએ એજ આપને શ્રધ્ધાંજલી.

લિ. આપની અમર યાદમાં

ધર્મપત્ની : **હંસાબેન હિરાચંદ પટેલ**

પુત્ર-પુત્રવધુ : **નિલેશ-તૃપ્તિ ❑ નિપેશ-વંદના ❑ શૈલેષ-રૂપલ**

પૌત્ર-પૌત્રી : **જિનીશા, પ્રિતેશ**

**માતુશ્રી મેઘબાઈ અરજણ કાનજી પટેલ (લોડાયા) સમસ્ત પરિવાર**

**નિલેશ રોડવેઝ** વાશી નવી મુંબઈ

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 day of publication every Monday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

નિર્મળ જીવનમાં સાક્ષાત તીર્થ સ્વરૂપ
જગત જનની માંનું સ્થાન અમર રહેશે.

## પ્રથમ પુણ્યતિથિ એ..... માતૃવંદના



### માતુશ્રી મણીબાઈ ટોકરશી રતનશી લોડાયા

ગામ : વારાપધર | દેહ વિલય : ૫.૧૧.૨૦૧૩ | હાલે : ડોંબિવલી

કુદરતના નિર્ણયને અમે ન શક્યા ટાળી,
દિલ નહોતું માનતું છતાં તમને વિદાય આપી માડી,
દુનિયા તો જેમ ચાલતી હતી એમ જ રહી છે ચાલી,
ઉમંગ અમારા હૈયાનો થઈ ગયો છે ખાલી.

**લી. આપના સહાય ઋણી**

પુત્રી જમાઈ :
ધનબાઈ ધનજી લાલકા
લક્ષ્મી મહેશ ખત્રી
પુષ્પા લહેરચંદ ગાલા
સુશીલા પ્રદીપ નાગડા
જ્યા તુષાર છેડા
ભારતી દીલીપ ધુલ્લા
પારૂલ ખીરિશ ધ્રોળ
ભાવના ભાવેશ છેડા

## અભિનંદન સહ શુભકામના !!!



### ઉમંગ ચંદા અશ્વીન ધનજી મૈશેરી

**B.E. Electronics - M.B.A.
Human Resources -
Welingkar College થી
પાસ થયેલ છે.**

પરિશ્રમ રૂપી પુરૂષાર્થની પાંખો પ્રસારી
મહેનતનું મધુબન રચી
એકાગ્રતા તથા આત્મવિશ્વાસને
આત્મસાત કરી
મૈશેરી તથા ખોના પરિવારની
આન, બાન અને શાન વધારી છે.
કારકિર્દી તથા જીવનના દરેક ક્ષેત્રે
ઉન્નતિના શિખરો સર કરો
એવી શુભકામના

દાદાણા : લક્ષ્મીબેન ધનજી પુનશી મૈશેરી (જખૌ)
નાનાણા : નવલબેન ચત્રભોજ લીલાધર ખોના (મંજલ)
માતા - પિતા : ચંદા અશ્વીન ધનજી મૈશેરી

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,